P.09
ભારત કોઈપણ સંબંધોને હળવાશથી નથી લેતું : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

# લોક પત્રિકા

www.lokpatrika.in
LOK PATRIKA
RNI No : GUJGUJ/2022/83673

P.09
કંગુવા ના પ્રમોશન માટે દિલ્હી પહોંચ્યા દિશા પટણી



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૮૨ । વિક્રમ સંવત ૨૦૮૦ : આસો વદ ૦૬ । પાના - ૧૦ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 82 • Dt. 23-10-2024 Wednesday • Page 10 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

દેશમાં વધી રહેલી મોંઘવારીની અસર હવે 'ભારત' બ્રાન્ડના લોટ, ચોખા અને દાળ પર પડવા લાગી



09

23
OCTOBER- 2024
WEDNESDAY



09

જમ્મુ અને કાશ્મીર ટીએલએમ આતંકવાદી ભરતી મોડ્યુલનો પર્દાફાશ

## રાજ્યના ખૂણે- ખૂણે શુદ્ધ પાણી પહોંચાડવું એ ગુજરાત સરકારની હંમેશા પ્રાથમિકતા

# 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર' સમારંભમાં ગુજરાતને જળ વ્યવસ્થાપન ક્ષેત્રે એવાર્ડ એનાયત કરાયો

### ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ગુજરાત અને પુડુચેરીને ઉત્તમ રાજ્ય કેટેગરીમાં દેશમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરવા બદલ એવાર્ડ એનાયત કરવામાં આવ્યો

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૨ ।

રાજ્યના ખૂણે- ખૂણે શુદ્ધ પાણી પહોચાડવું એ ગુજરાત સરકારની હંમેશા પ્રાથમિકતા રહી છે. જેના પરિણામે આજે નવી દિલ્હી ખાતે આયોજિત 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર- એવાર્ડ' કાર્યક્રમમાં ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે ગુજરાત અને પુડુચેરીને ઉત્તમ રાજ્ય કેટેગરીમાં દેશમાં ત્રીજું સ્થાન પ્રાપ્ત કરવા બદલ એવાર્ડ એનાયત કરવામાં આવ્યો છે. જે સમગ્ર રાજ્ય માટે ગૌરવ સમાન છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં અને જળ સંપત્તિ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા તેમજ રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતે 'જળ હી જીવન હૈ'ના મંત્રને સાચા અર્થમાં સાકાર કર્યો છે.આ એવાર્ડ માટે કેન્દ્રીય



જળ આયોગ અને ભૂજળ બોર્ડ દ્વારા સૂચિત મૂલ્યાંકન અને ધરાતલીય ચકાસણી બાદ ઉત્તમ રાજ્ય કેટેગરીમાં ઓડિશા પ્રથમ, ઉત્તરપ્રદેશ બીજું તેમજ ગુજરાત અને પુડુચેરીને ત્રીજું સ્થાન મેળવ્યું છે.આજે નવી દિલ્હી ખાતે યોજાયેલા 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર- એવાર્ડ' કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ દ્રૌપ દી મુર્મુના હસ્તે તેમજ કેન્દ્રિય જળ શક્તિ મંત્રી સી.આર. પાટિલની ઉપસ્થિતિમાં ગુજરાત સરકારના જળ સંપત્તિ વિભાગના સચિવ શ્રી પી. સી. વ્યાસ એ આ એવાર્ડ સ્વીકાર્યો હતો.તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દિશાદર્શનમાં ગુજરાતે જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અનેકવિધ નવીન સફળ પ્રકલ્પો હાથ ધર્યા છે. જેમાં સુજલામ- સુફલામ જળ અભિયાન હેઠળ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૫,૦૦૦થી વધુ જળ સંરક્ષણ અને રેન વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર્સ લાગુ કરવામાં આવ્યાં છે. સાથોસાથ જળ સંરક્ષણના વિવિધ કાર્યક્રમો માટે અંદાજે રૂ. ૮૦૦ કરોડનું રોકાણ કરવામાં આવ્યું છે.જળ ક્ષમતા ટેક્નોલોજી અને ખેડૂત તાલીમ કાર્યક્રમ માટે રૂ. ૦૧ હજાર કરોડનું રોકાણ પણ કરવામાં આવ્યું છે.



















CMYK

લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ । સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ । જાહેરાત માટે : ૭૦૧૬૬ ૯૨૦૬૬


## સેટેલાઇટમાં જાહેરમાં જુગારનો અડ્ડો, ૯ જુગારી ઝડપાયા

# અમદાવાદ શહેરમાં જુગારના અડ્ડાનો ધમધમાટ : પીસીબીના ત્રણ સ્થળે દરોડા

### સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગાડીનો પીછો કરતાં કારચાલક રામદેવનગર ચાર રસ્તા નજીક કાર મૂકીને ભાગી ગયો હતો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ શહેર પોલીસે ૭૫૦ લોકોને પાસામાં ધકેલ્યા છતાં દારૂ-જુગારના અડ્ડા ધમધોકાર ચાલી રહ્યા છે ત્યારે સ્ટેટ મોનિટરિંગ સેલે સેટેલાઇટમાં દરોડો પાડી દારૂનો જથ્થો ઝડપી લીધો હતો. આ ઉપ રાંત સેટેલાઇટમાં જાહેરમાં જુગાર રમતા ૯ જુગારીને સરદારનગરમાં જુગારધામ પર પીસીબીએ દરોડો પાડી ૭ જુગારીને તેમજ ચાંદલોડિયા રેલવે બ્રિજ પાસે વારાહી એસ્ટેટમાંથી સાત જુગારીને જુગાર રમતા ઝડપી લીધા હતા. સેટેલાઈટના રાજીવનગરની ખુલ્લી જગ્યામાં કેટલાક તત્ત્વો જાહેરમાં જુગાર રમતા હોવા અંગેની બાતમી અમદાવાદ ક્રાઈમ બ્રાંચને મળી હતી. ક્રાઈમ બ્રાંચે દરોડો પાડીને ૯ જુગારીને ઝડપી લીધા હતા. તેમની






પાસેથી પોલીસને રોકડા ૪૧ હજાર સહિત ૧.૭૪ લાખનો મુદ્દામાલ મળી આવ્યો હતો.કમિશનરના સીધા તાબામાં આવતી પીસીબીના ઈન્સપ ેક્ટર મહેશ ચૌધરીને બાતમી મળી હતી કે સરદારનગર કુબેરનગર સ્થિત સંતોષીનગરની ચાલીમાં જુગાર રમાઇ રહ્યો છે. સબ ઈન્સપ ેક્ટર ખાંટ અને વનરાજસિંહ ટીમ સાથે સરદારનગર પહોંચ્યા હતા. દરોડો પાડીને ૭ જુગારીને ઝડપી લઇ તેમની પાસેથી રોકડા રૂપિયા અને મુદ્દામાલ મળીને ૧.૩૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.અમદાવાદ શહેરમાં જાહેરમાં જુગાર રમાઇ રહ્યો છે ત્યારે જ પીસીબી ઈન્સ્પેક્ટર મહેશ ચૌધરીને માહિતી મળી હતી કે ચાંદલોડિયા બ્રિજ પાસેના વારાહી એસ્ટેટમાં મારૂતી કોવિંગના પહેલા માળે ઓફિસમાં કેટલાક જુગારી જુગાર રમી રહ્યા છે. પીસીબીના મહાવીરસિંહ તથા ધર્મેન્દ્રસિંહની ટીમે ત્યાં દરોડો પાડીને જુગાર રમાતા ૭ જુગારીને ઝડપી લઇ તેમની પાસેથી રોકડા ૮૪ હજાર સહિત ૧૭૪ લાખનો મુદ્દામાલ ઝડપી લીધો હતો.સેટેલાઈટ પોલીસ મથકમાં લક્ઝુરિયસ કારમાં દારૂના જથ્થાની હેરાફેરી બાબતથી સ્થાનિક પોલીસ અજાણ હતી પરંતુ સ્ટેટ મોનિટરિંગ સેલને તેની વિગતો મળી ગઈ હતી. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે ગાડીનો પીછો કરતાં કારચાલક રામદેવનગર ચાર રસ્તા નજીક કાર મૂકીને ભાગી ગયો હતો. કારમાં તપાસ કરતાં પોલીસને વિલાયતી દારૂની ૧૯૦૮ બોટલ મળી હતી. તે કબજે લઈ દારૂ મગાવનાર અને મોકલનાર તથા ગાડીના માલિકને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ શરૂ કરી છે.અમદાવાદ શહેર પોલીસે ૭૫૦ લોકોને પાસામાં ધકેલ્યા છતાં દારૂ-જુગારના અડ્ડા ધમધોકાર ચાલી રહ્યા છે.

## ટુ વ્હીલચાલક ટીઆરબી જવાનનું લક્ઝરી બસની ટક્કરથી મોત

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૨૨ ।

અમદાવાદ ટ્રાફિક વિભાગમાં ટીઆરબી તરીકે ફરજ બજાવતો જવાન ટુ વ્હીલર પર નોકરીએ જવા નીકળ્યો અને તે સિવિલ ૧૨૦૦ બેડ હોસ્પિટલ સામેથી પ સાર થતો હતો ત્યારે ગાંધીનગર યુનિ.ની લકઝરી બસે ટક્કર મારી હતી. ગંભીર ઈજાના કારણે ટીઆરબી જવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. એફ ડિવિઝન ટ્રાફિક પોલીસે લકઝરી બસચાલકની અટકાયત કરી તપાસ શરૂ કરી છે.અસારવામાં રહેતો ૨૬ વર્ષીય સચિન ગણપ તભાઈ પટણી ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતો હતો. સોમવારે સવારે ટુ વ્હીલર લઈને ડ્યૂટી પર જવા નીકળ્યો હતો. સિવિલ ૧૨૦૦ બેડ હોસ્પિટલ સામેથી પસાર થઈ રહ્યો હતો તે સમયે લકઝરી બસે ટક્કર મારી હતી. તેથી સચિન ફંગોળાઈને રોડ પર પટકાતા માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હોવાથી મોત થયું હતું.

## ગુજરાતમાં ૨૪ ઓક્ટોબરે સંયુક્ત રાષ્ટ્રસંઘ દિવસની ઉજવણી કરાશે

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૨ ।

દર વર્ષે ૨૪મી ઓકટોબરના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘ દિવસની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ ગુજરાતમાં ૨૪મી ઓકટોબરે સરકારી કચેરીઓ ઉપર ભારતના રાષ્ટ્રધ્વજની સાથે ધ્વજ સંહિતાની સૂચનાઓ અનુસાર રાષ્ટ્રસંઘનો ધ્વજ ફરકાવીને 'સંયુક્ત રાષ્ટ્રસંઘ દિવસ'ની ઉજવણી કરવામાં આવશે. રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગની યાદીમાં જણાવ્યાં અનુસાર રાજભવન, ગુજરાત વિધાનસભા અને ગુજરાત હાઈકોર્ટ સિવાય જે પણ સરકારી કચેરીઓ પાસે સંયુક્ત રાષ્ટ્રધ્વજ હોય તે કચેરીઓએ ૨૪મી ઓક્ટોબર ગુરુવારે ભારતના રાષ્ટ્રધ્વજની સાથે તે કચેરી ઉપર રાષ્ટ્રધ્વજ ફરકાવવાનો રહેશે. દર વર્ષે ૨૪મી ઓકટોબરના રોજ સંયુક્ત રાષ્ટ્રસંઘ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ગુજરાતમાં ૨૪ ઓક્ટોબરે સંયુક્ત રાષ્ટ્રસંઘ દિવસની ઉજવણી કરાશે.

## પાટણના હારીજમાં ધો. ૬ની વિદ્યાર્થીની સાથે શારીરિક અડપલાં કર્યા, કાર્યવાહી કરવા માંગ

। પ્રતિનિધિ, પાટણ, તા.૨૨ ।

રાજ્યની વધુ એક શાળામાં શિક્ષણ જગતને કલંકિત કરતી ઘટના જોવા મળી છે. જેમાં હારીજમાં શિક્ષણ જગતને કલંકિત કરતી ઘટના આવી સામે છે. જેમાં જિલ્લાના દુનાવાડા પ્રાથમિક શાળામાં આચાર્ય પ્રવીણ પટેલ સામે લાગ્યા શારીરિક અડપલાંનો આરોપ લાગ્યા હતા. જેમાં આચાર્ય ધો.૬માં અભ્યાસ કરતી બાળકીઓ સાથે શારીરિક અડપલાં કરતા હોવાનું પ્રકાશમાં આવ્યું હતું.

આ સમગ્ર ઘટનાની જાણે દીકરીઓએ ઘરે જઈ પરિવારજનોને જાણ કરતા સમગ્ર ભાંડો ફૂટ્યો હતો. ત્યારે સમગ્ર ઘટનાને લઈ વિદ્યાર્થીનીઓના પરિવારજનો હારીજ પોલીસ મથકે શાળાના આચાર્ય વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં પ્રવીણ પટેલ બાળકીઓ સાથે શારીરિક અડપલાં કરતા હોવાના વાલીઓએ આક્ષેપ લગાવ્યા હતા. તથા શાળાના આચાર્ય વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવાની વાલીઓની માંગ કરી હતી.

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી બાળકીઓ સાથે શારીરિક દુષ્કર્મની ઘટનાઓ બની રહી છે. આવી ઘટનાઓના કારણે લોકોમાં રોષ ફાટી નિકળ્યો છે. ત્યારે આવા તત્વો સામે તંત્ર દ્વારા ગંભીર પ ગલાં લેવામાં આવે તેવી માંગ લોકો દ્વારા કરવામાં આવી રહી છે.

## બનાસકાંઠાના ડીસામાં નશીલા પદાર્થોની હેરાફેરીનો પર્દાફાશ

# ડીસામાંથી ૩૪૫ કિલો પોશડોડા અને ૫૦ જીવતા કારતૂસ સાથે દિનેશ બિશ્નોઈ નામના શખ્સ ઝડપાયો

। પ્રતિનિધિ, ડીસા, તા.૨૨ ।

ગુજરાતમાં નશાકરાક પદાર્થ પર પ્રતિબંધ હોવા છતા અવારનવાર નશાકારક પદાર્થ ઝડપાતો હોય છે. ત્યારે બનાસકાંઠાના ડીસામાં નશીલા પ દાર્થોની હેરાફેરીનો પર્દાફાશ થયો છે. ડીસાના ઝેરડા ગામેથી પોશડોડાનો જથ્થો ઝડપાયો છે.રાજસ્થાનથી ગુજરાતમાં પશોડોડાનો જથ્થો લાવવામાં આવતો હોવાનો પર્દાફાશ થયો છે. ૩૪૫ કિલો પોશડોડા અને ૫૦ જીવતા કારતૂસ જપ્ત કરવામાં આવ્યા છે. દિનેશ બિશ્નોઈ નામના શખ્સની પોલીસે ધરપકડ કરી વધારે તપાસ હાથ ધરી છે.બીજી તરફ ગીર સોમનાથના ઉનામાં દારૂની હેરાફેરીનો નવો કિમિયો સામે આવ્યો છે.



બાઈકની સીટમાં દારૂ સંતાડી બુટલેગરો હેરાફેરી કરી રહ્યા હતા. ન્ઝમ્એ બાઈકની તપાસ કરતા દારૂનો જથ્થો મળ્યો હતો. બુટલેગરોએ બાઈકમાં ચોરખાનું બનાવ્યું હતું.બાઈકના ચોરખાનામાંથી ૬૬ વિદેશ દારૂની બોટલ ઝડપાઈ છે. આરોપીને એલસીબીએ બાઈક સાથે ઝડપી વધુ કાર્યવાહી હાથ ધરી છે. ઉનામાં બાઈકમાં યૂક્તી પૂર્વક ચોરખાનું બનાવી બુટલેગરો દારૂની હેરાફેરી કરી રહ્યા હતા.

## અમરેલીના જાફરાબાદમાં પાંચ વર્ષના બાળકને સિંહણ ઉઠાવી ગઈ

। પ્રતિનિધિ, અમરેલી, તા.૨૨ ।

સૌરાષ્ટ્રના અમરેલીના જાફરાબાદમાં પાંચ વર્ષનું બાળક સિંહણનો શિકાર બન્યો હતું. નવી જીકાદ્રીમાં વાડીમાંથી સિંહણ બાળકને ઉઠાવી ગઈ હતી. સિંહણે ખેતમજૂરી કરતાં પરિવારના બાળકનો શિકાર કર્યો હતો. સ્થાનિકો અને વનવિભાગે શોધખોળ કરતાં બાળકના અવશેષો મળ્યા હતા. આમ કહેવાય છે કે ગરીબનું નસીબ પણ ગરીબ હોય છે તે વાત અહીં પુરવાર થઈ હતી. ગરીબ શ્રમિક પરિવાર જ સિંહણના આક્રમણનો ભોગ બન્યો હતો. વન્ય પ્રાણીની ગ્રામીણ વિસ્તારમાં અવરજવરના લીધે ગ્રામજનોમાં આક્રોશ છે. તેમા પણ બાળકને આ રીતે સિંહણ ઉઠાવી જતાં લોકોમાં વન્ય પ્રાણીઓ સામે આક્રોશ છે. વનવિભાગ અને કુટુંબે બાળકના અવશેષો હોસ્પિટલમાં ખસેડ્યા છે. વનવિભાગે બાળકને ઉઠાવી જનારી સિંહણને પકડવાની કામગીરી હાથ ધરી છે.ગામના સરપંચ લાલભાઈ બોરીયા પણ વન્ય પ્રાણીઓનો ત્રાસ ટાળવા માટે પગલાં લેવા વનવિભાગ સમક્ષ વારંવાર રજૂઆત કરી ચૂક્યા છે.

## રાજકોટમાં કેરમ રમવા બાબતે યુવકની હત્યા, સારવાર દરમિયાન યુવકનું મોત

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૨૨ ।

રાજકોટ જિલ્લામાં દિનપ્રતિદિન હત્યાના બનાવો વધી રહ્યા છે. ત્યારે રાજકોટમાં હત્યાની ઘટના સામે આવી છે. એક યુવક પોતાના સંબંધીને ત્યાંથી ભજનમાંથી ઘર તરફ મિત્ર સાથે પરત ફરી રહ્યો હતો. ત્યારે આ યુવકને આંતરીને એક બીજા યુવકે તારે મારી સાથે ઝઘડો કરવો છે તેમ કહીને છરીના ઘા ઝીંકી દીધા હોવાનો આરોપ છે.પોલીસનો ડર સાવ ખતમ થઈ ગયો હોય તેમ હત્યાનો સિલસિલો ચાલું જ છે. ત્યારે આ ઘટનામાં બે વર્ષ પૂર્વે કેરમ રમવા જેવી નજીવી બાબતે થયેલી બોલાચાલીનો ખાર રાખીને સંબંધીને ત્યાંથી પરત ફરતા યુવકને આંતરીને બીજા યુવકે 'તારે મારી સાથે ઝઘડો કરવો છે' તેમ કહીને છરીના ઘા ઝીંકી દીધા હોવાનો આરોપ છે. ત્યારે ગંભીર રીતે ઘાયલ થયેલા યુવકના મોતથઈ તેના પરિવારમાં ગમગીનીનો માહોલ છવાઈ ગયો છે.




<u>લેજિસ્લેટીવ ડ્રાફ્ટીંગ તાલીમ કાર્યક્રમનો શુભારંભ થયો હતો.</u>

# કાયદાના શબ્દો સરળ હોવા જોઈએ, જેથી સામાન્ય માણસ પણ તેને સમજી શકે : શંકરભાઈ ચૌધરી

## જાહેર જીવનમાં મેં ઘણી બધી ઘટનાઓમાં કાયદાની અગત્યતા સમજી છે : અધ્યક્ષ

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૨૨ ।

આજ રોજ ગુજરાત વિધાનસભા ખાતે ગ.વા.માવળંકર સંસદીય અભ્યાસ અને તાલીમ બ્યુરો તથા આઈ સીપી એસ અને જીએનએલયુના સંયુક્ત ઉપક્રમે ‘‘લેજિસ્લેટીવ ડ્રાફ્ટીંગ તાલીમ કાર્યક્રમ‘‘નો શુભારંભ થયો હતો. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ જનરલ કમલભાઈ ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં મુલ્કી સેવા વર્ગ-૧ ના વિવિધ અધિકારીઓ સહભાગી બની તાલીમમાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં કાયદા નિષ્ણાતો દ્વારા વિવિધ ક્ષતિરહિત કાયદાઓની રચના કરવા માટેના મૂળભૂત સિદ્ધાંતો તથા ભારતીય બંધારણમાં કરવામાં આવેલ કાયદાકીય જોગવાઈઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.કાર્યક્રમને સંબોધતા અધ્યક્ષ શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે જાહેર



જીવનમાં મેં ઘણી બધી ઘટનાઓમાં કાયદાની અગત્યતા સમજી છે. કાયદાના ડ્રાફટીંગમાં ઉભી થયેલી ગૂંચવણ તેના અમલીકરણમાં મુશ્કેલી ઉભી કરે છે. જેથી ડ્રાફટીંગમાં તેની સ્પષ્ટતા જરૂરી છે. કાયદો બનાવવા ઉપયોગમાં લેવાતા શબ્દો સરળ હોવા જોઈએ. જેથી કાયદો સામાન્ય માણસ પણ સરળતાથી સમજી તેનું પાલન કરી શકે. અંગ્રેજોના સમયમાં કાયદાનું ઘડતર પ્રજાને નિયંત્રિત રાખવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવતું હતું. આજે લોકશાહી તંત્રમાં કાયદો લોકોની સુખાકારી તેમજ તેમને રક્ષણ આપવાના ઉદ્દેશ્યથી ઘડવામાં આવે છે.વધુમાં તેમને જણાવ્યું હતું કે કોઈપણ કાયદો બનાવતા પહેલા પ્રજાના પ્રતિનિધિઓને પણ તેના ડેટા આધારિત જાણકારી આપવી જોઈએ. જેથી ગૃહમાં ધારાસભ્યો તેના ડેટા આધારિત ચર્ચા કરી શકે. કોઈપણ કાયદો અમલમાં આવે તે પહેલા તેનું અર્થઘટન પ્રજા માટે કેવું હશે તેને પણ ચકાસવું જોઈએ. આજે ગુજરાત વિધાનસભા ખાતે આયોજિત આ તાલીમ ગુજરાત હાઈકોર્ટમાં એડવોકેટે જનરલથી લઈ નિવૃત ન્યાયાધીશ આ તાલીમમાં અધિકારીઓને ડ્રાફટીંગ બાબતે માર્ગદર્શન કરશે. જે આપણા સૌ માટે સૌભાગ્યની વાત છે. તેમનું માર્ગદર્શન આગામી સમયમાં કાયદો ડ્રાફટીંગ કરતાં અધિકારીઓ માટે ખુબ ઉપયોગી થશે.આ કાર્યક્રમમાં ગુજરાત હાઈકોર્ટના પૂર્વ ન્યાયાધીશ શ્રી રવિ ત્રિપાઠી, વિધાનસભાના મુખ્ય દંડક બાલકૃષ્ણ શુક્લા, ગુજરાત વિધાનસભાના સભ્ય અમિતભાઈ ચાવડા, વિધાનસભાના ઈન્ચાર્જ સચિવ ચેતન પંડ્યા તથા વિધાનસભાની કામગીરી સાથે જોડાયેલા અધિકારીઓ, કર્મચારીઓ સહિત મુલ્કી સેવાના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કાયદા નિષ્ણાતો દ્વારા વિવિધ ક્ષતિરહિત કાયદાઓની રચના કરવા માટેના મૂળભૂત સિદ્ધાંતો તથા ભારતીય બંધારણમાં કરવામાં આવેલ કાયદાકીય જોગવાઈઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

<u>અંકલેશ્વરની એક કેમિકલ ફેક્ટરીમાં</u>

# માલિકે કેમિકલ યુનિટ સોંપતા તેનો ઉપયોગ ડ્રગ બનાવવા માટે કરવા માંડ્યો

। ભરૂચ, તા.૨૨ ।

અંકલેશ્વરની એક કેમિકલ ફેક્ટરીમાં ચાર તબક્કામાં એસીટોન, પ્રોમો, ટ્રામાડોલ અને અન્ય કેમિકલ ઉમેરીને એમડી ડ્રગ બનાવવાના રેકેટનો પર્દાફાશ થયો છે. આ એમડી દવાઓ બનાવનારા નથી પરંતુ રસાયણોના નિષ્ણાત છે. અંકલેશ્વરની અવસર કેમિકલ ફેક્ટરીમાં માર્ગબાઝ એચઆર, લેબ ટેકનિશિયન અને કેમિસ્ટ કરોડો રૂપિયાની દવાઓ બનાવતા હતા. પોલીસે જ્યારે કંપની પર દરોડો પ ડ્યો ત્યારે ત્યાંથી ડ્રગ્સ બનાવવાનો ૪૩૦ કિલો કાચો માલ મળી આવ્યો હતો. જો આ કાચા માલને ડ્રગ્સમાં ફેરવવામાં આવે તો તેની કિંમત ૪૦૦ કરોડ રૂપિયા થઈ જાત.અંકલેશ્વર જીઆઈડીસી એસ્ટેટમાં આવેલી અવસર એન્ટરપ્રાઈઝ નામની ફેક્ટરીમાં મોટી માત્રામાં એમડી ડ્રગ્સ બનાવતા ચાર લોકોની પોલીસે ધરપકડ કરી છે. આ કંપનીના માલિક અનિલ અમીન અમેરિકામાં રહે છે, પરંતુ તેણે કંપની ચલાવવાની જવાબદારી આરોપી વિશાલ પટેલને આપી હતી. ટૂંક સમયમાં, વધુ પૈસા કમાવવાના લોભમાં, આ લોકોએ તેમની કંપનીમાં કામ કરતા કેમિસ્ટ, એચઆર અને લેબ ટેકનિશિયન સાથે મળીને દવાઓ બનાવવાનો ધંધો શરૂ કર્યો. તે છેલ્લા છ મહિનાથી ડ્રગ્સ બનાવતો હતો.

# સુરેન્દ્રનગરમાં ચૂડાના કોરડા ગામે વીજળી પડતા યુવાનનું ઊંઘમાં જ મોત

। પ્રતિનિધિ, સુરેન્દ્રનગર, તા.૨૨ ।

મોસમી વરસાદ ફક્ત ખેડૂતોના ઊભા પાકનો જ સોથ વાળે છે તેવું નથી, પણ આ દરમિયાન પડતી વીજળી જીવ પણ લે છે. સુરેન્દ્રનગરમાં કમોસમી વરસાદ દરમિયાન વીજળી પડતા યુવાનને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.સુરેન્દ્રનગર જિલ્લાના ચૂડાના કોરડા ગામે વીજળી પડવાના કારણે ૨૭ વર્ષનો યુવાન ઊંઘતો હતો ત્યારે તેનું મોત નીપજ્યું હતું. મોડી રાત્રે ભારે પવન અને વીજળી સાથે વરસાદ વરસ્યો હતો. તે સમયે વીજળીના કડાકાભડાકા થતા હતા અને વીજળી પણ પડી હતી. આ યુવાને ઊંઘમાં વીજળીનો ભોગ બન્યો હતો.સુરેન્દ્રનગરમાં મોડી રાત્રે ભારે પવન, ગાજવીજ સાથે અને વીજળીના કડાકાભડાકા સાથે વરસાદ વરસ્યો હતો ત્યારે આ બનાવ બન્યો હતો. સામાન્ય રીતે લોકોનું સૂતા-સૂતા હાર્ટએટેકમાં મોત થાય છે તે સાંભળવા મળ્યું છે.







## તંત્રી લેખ...

# જવાબદાર કોણ કોણ છે

દુર્ઘટનાઓથી બોધપાઠ નહી લેવાની ટેવ આખરે અમારી કેમ છુટતી નથી તે પ્રશ્ન વારવાર જ્યારે કોઈ ઘટના બને છે ત્યારે સાબિત થઈ જાય છે. ધાર્મિક સ્થળો પર ઘટના બનતી રહે છે. છતાં તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી. અકસ્માતો થયા બાદ જ પગલા લેવામાં આવે છે. ફરી એની એજ સ્થિતી ઉભી થઈ જાય છે. વળતર આપવા માટેની જવાબદારી અદા કરીને તમામ કામ કરી દેવામાં આવે છે. કોઈ પૅણ ઘટના બને ત્યારે તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે. મૃતકોના પરિવારના સભ્યોને વળતર આપવામાં આવે છે. દુર્ઘટનમાં તપાસના આદેશ જારી કરવામાં આવે છે. શોક સંવેદના વ્યક્ત કરવામાં આવે છે. નેતાઓની મુલાકાત થાય છે. દરેક ઘટના બાદ દોહરાવવામાં આવતી પટકથા ફરી દોહરાવવામાં આવી છે. જે કઈ પણ બન્યુ તે જોઈને લાગતુ નથી કે ગરીબ માનવીની કોઈ કિંમત રહી ગઈ છે. હાલમાં અમરનાથમાં પણ આવી જ ઘટના બની હતી. જેમાં અનેક લોકોના મોત થયા હતા. અમરનાથ યાત્રા દર વર્ષે યોજાય છે. અહીં રૂટ પર કોઈ ઘટના ચોક્કસપણે બને છે જેથી યાત્રા રૂટને હજુ વધારે સરળ બનાવી દઈને આવી ઘટનાથી બચી શકાય છે. ભેખડો ધસી પડવા અને વરસાદથી સામાન્ય લોકોને બચાવી શકાય છે. વર્ષો પહેલા જોધપુરમાં મહેરાનગઢમાં ધાર્મિક આયોજન કરવામાં આવ્યુ હતુ. એ વખતે એકાઅક મચી ગયેલી ભાગદોડની ઘટનામાં ૨૦૦થી વધારે લોકોના મોત થઈ ગયા હતા. ત્યારબાદ આ ઘટનામાં તપાસ કરવામાં આવી હતી. તપાસ વર્ષો સુધી ચાલી હતી. આખરે આ ભાગદોડની ઘટના બની કેમ તે અંગે વર્ષોની તપાસ બાદ પણ કોઈ વિગત સપાટી પર આવી ન હતી. મહેરાનગઢ જ કેમ ? ૨૦૦૮માં હિમાચલપ્રદેશમાં નૈના દેવી મંદિરમાં પણ ભાગદોડની મોટી ઘટના બની ગઈ હતી. જેમાં ૧૪૪ લોકોના મોત થઈ ગયા હતા. શુ આવી ઘટનાઓને રોકવા માટે પુરતી વ્યવસ્થા કરવી જોઈએ નહીં. જે આયોજનમાં સેંકડો લોકો પહોંચે છે તે આયોજનમાં તમામ જરૂરી સુરક્ષા પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જો કે કમનસીબ રીતે આ બાબતો તરફ સંબંધિત વહીવટી તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી. સુરક્ષા પાસામાં બાંધછોડ કરીને મંજુરી કેમ આપવામાં આવે છે તે પ્રશ્ન તમામને સતાવે છે. પ્રશ્ન ગંભીર છે પરંતુ તેની ગંભીરતાને સમજી શકે તેવા લોકો દેખાતા નથી. દુર્ઘટનાઓ બાદ વર્ષો સુધી તપાસ ચાલે છે પરંતુ કોઈની જવાબદારી નક્કી કરવામાં આવતી નથી. મૃતકોના પરિવારના સભ્યો વર્ષો સુધી ન્યાય મેળવી લેવાની આશામાં જુબાની આપતા રહે છે. પુરાવા એકત્રિત કરતા રહે છે. સરકારોના કામ લાગે છે કે હવે માત્ર અનુદાન આપવા અને બેરોજગારી ભથ્થા આપવા સુધી મર્યાદિત રહી ગયા છે. ખેડુતોની લોન માફીના નામ પર વોટ મેળવી લેવા અને રાજકીય ઉથલપાથલને જ નેતાઓ સરકાર તરીકે ગણે છે. સરકારી તંત્ર જ આવુ બની ગયુ છે જેમાં તમામ બાબતો રામ ભરોસે ચાલતી નજરે પડે છે. પાંચ લાખ રૂપિયાનુ વળતર ચુકવી કોઈ પરિવારના ચહેરા પર ખુશી લાવી શકાય નહી. જસોલમાં બનેલી ઘટનામાં તપાસનો આદેશ કરીને રસમ તો પૂર્ણ થઈ ગઈ છે પરંતુ દુર્ઘટના માટે જવાબદાર લોકોને પણ કોઈ દિવસે સજા થઈ શકશે કે કેમ તે પ્રશ્ન તમામને સતાવે છે.

# પ્રી મેચ્યોર શિશુની સારી જાળવણી

હાલમાં જ જારી કરવામાં આવેલા એક આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે દેશમાં આશરે ૭.૫ લાખ નવજાત શિશુના મોત થઈ જાય છે. આમાંથી આશરે ૩૫ ટકા શિશુના મોત સમય કરતા પહેલા જન્મ અથવા તો જન્મના સમય ઓચા વજનના કારણે જ થઈ જાય છે. મોટા ભાગના મામલામાં પ્રી-મેચ્યોર ડિલીવરીના કારણે નવજાત શિશુમાં મૃત્યુ દરનો આંકડો વધી જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે કંગારુ મધર પ્રક્રિયા હાલમાં લોકપ્રિય થઈ રહી છે. ધીમે ધીમે આ પ્રક્રિયાની બોલબાલા વધવાની સાથે સાથે તેની લોકપ્રિયતા વધી છે. જાણકાર તબીબો કહે છે કે કોઈ પણ શિશુના પ્રી મેચ્યોર ડિલિવરી થાય છે તો કંગારુ મધર કેર હેઠળ માતા અને શિશુ વચ્ચે માત્ર સ્કીનનો સંપર્ક રાખવામાં આવે છે. કંગારુ મધર કેર પ્રક્રિયા શુ છે તે અંગે વાત કરવામાં આવે તો સ્થિતી વધારે સ્પષ્ટ થઈ જાય છે. આ પ્રક્રિયા હેઠળ એક ખાસ પ્રકારની સ્થિતી નિર્માણ પામે છે. જ્યારે કોઈ શિશુની પ્રી મેચ્યોર ડિલીવરી થાય છે ત્યારે કંગારુ મધર કેર હેઠળ ખાસ સંપર્ક રાખવામાં આવે છે. સ્કીન સંપર્ક રાખવામાં આવે છે. આ ગાળા દરમિયાન શિશુને ડાયપર અને ટોપી તેમજ મોજા પહેરાવવામાં આવે છે. સાથે સાથે મહિલાને આગળતી ખુલ્લા ગાઉન પહેરાવીને તેમની છાતી પર શિશુને સુવડાવી દેવામાં આવે છે. હાઈપોથર્મિયાથી બચવા માટે માતાના ગાઉનમાં બાળકોને ઢાકી દેવામાં આવે છે. શરૂઆતમાં ઓછામાં ઓછા એક કલાક સુધી આ પ્રયોગ કરવામાં આવે છે. ધીમે ધીમે તેનો સમય ગાળો વધારી દેવામાં આવે છે. આ જ પોઝિશનમાં માતા પોતાના શિશુને સ્તનપાન પણ કરાવી શકે છે. જેથી શિશુનો યોગ્ય વિકાસ થઈ શકે છે. આ ટેકનોલોજી નવજાત શિશુ માટે વધારે સારા વિકાસ માટેનો માર્ગ મોકળો કરે છે. આના કારણે માતા અને શિશુ બંનેને ફાયદો થાય છે. આ વિધીથી સ્કીનનો સંપર્ક શિશુને શાંત રહેવા અને શિશુને સંભાળવા માટે માતાના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવી ચુક્યો છે કે જે માતા દ્વારા થોડાક સમય માટે પણ શિશુની સાથે કંગારુ મધર કેરની પ્રક્રિયા અપનાવી છે તેમના બાળકોને સારી ઉંઘ આવે છે. સાથે સાથે માતાને પણ ટેન્શન જેવી તકલીફ હોતી નથી. સમય કરતા પહેલા જન્મ લઈ ચુકેલા શિશુના ફેફસા યોગ્ય રીતે વિકસિત થતા નથી. પરંતુ આ પ્રક્રિયા મારફતે તેમનામાં ઓક્સિજન સંચાર થાય છે. નિષ્ણાંતોની વાત માનવામાં આવે તો આ પ્રક્રિયા ધીમે ધીમે અડધા કલાકની અંદર શિશુના તાપમાનમાં સુધારો લાવે છે. આ એક નેચરલ ઈનક્યુટરની જેમ કામ કરે છે. આના કારણે માતાના હાર્મોન સક્રિય રહે છે. જેના કારણે દુધ આપુર્તિમાં વધારો થાય છે. સ્કીનથી સ્કીન સંપર્ક માતાને પણ રિલેક્સ અનુભવ કરાવે છે. સાથે સાથે લાંબા સમય બાદ ડિપ્રેશનની શંકાને પણ દુર કરે છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૦૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં મોટી સંખ્યામાં મહિલાનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે.



### લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઇચ્છુક લોકો આગળ વધી શકે...

**મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઇબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે**

# એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

**વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે**

વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિંગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે. ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફ્ટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઈ



પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે. સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિંગ હેકિંગ ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે. આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે.

એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનામાં કાલી લિક્સ એડવાન્સ્ડ છે. જેનો ઉપયોગ હેકર વધારે પ્રમાણમાં કરે છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં ઉબન્તુ, મેક ઓએસ, ફેડોરા, સેન્ટ ઓએસના નામ હોય છે. એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી. હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે. સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે. આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઈએ. જો તમારી ઈચ્છા એતિકલ હેકર્સ બનવાની છે તો જ તેમાં સફળતા હાંસલ કરી શકાય છે. હેકિગંના પ્રોફેશનમાં રસ ધરવનાર વ્યક્તિને લેટેસ્ટ ટેકનોલોજી પર ધ્યાન રાખીને તે અંગે માહિતી હાંસલ કરવી પડશે.



### પોતાની સાથે કઠોરતા અપનાવીને આગળ વધવામાં આવે તે જરૂરી...

**હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઇ બાળક માટે કોઇ નવી ચીજ શિખવા માટેની હોય છે એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઇફમાં સામેલ કરી લઇશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે**

# નક્કર શિસ્ત સફળતા માટે ખુબ જરૂરી

**જો મે જીવનમાં સફળ થવા માંગો છો તોજીવનને સરળ બનાવવાની જરૂર પડશે : સરળતા-સહેજતાથી જ સફળ થઇ શકાય છે**

આધુનિક સમયમાં સફળ થવા માટે તમામ લોકો ૨૪ કલાક સુધી ભાગતા નજેર પડે છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ તમામ પ્રયાસો કરે છે. જાણકાર નિષ્ણાંતો અને મોટી સફળતા હાંસલ કરી ચુકેલા લોકોનુ કહેવુ છે કે સરળતાથી સફળતા સુધી પહોંચી શકાય છે. પરંતુ આના માટે કેટલાક નક્કર પગલા લેવા પડશે. સાથે સાથે શિસ્તની બાબત પણ સૌથી મહત્વપૂર્ણ છે. જો જીવનમાં સફળતા મેળવવા કોઈ વ્યક્તિ ઈચ્છે છે તો તે વ્યક્તિને જીવનને સરળ બનાવી દેવુ પડશે. સરળતા અને સહેજતાથી જીવનમાં સફળ થઈ શકાય છે.



જીવન અમને તમામને આ તક આપે છે કે અમે પોતાને અજમાવીને આગળ વધીએ તથા સફળતા હાંસલ કરીએ. છતાં ખુબ ઓછા એવા લોકો છે જે સફળતા હાંસલ કરી શકે છે. હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઈ બાળક માટે કોઈ નવી ચીજ શિખવા માટેની હોય છે. એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઈફમાં સામેલ કરી લઈશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે. આના કારણે કોઈ પણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકાય છે. સફળતા અમારી જિન્દગીના મહત્વપૂરણ હિસ્સા તરીકે રહી શકે છે. સરળ રસ્તાથી માત્ર મંજિલ મળી શકે છે પોતાની ઓળખ મળી શકી નથી. જો અમે પોતાને સરળ રસ્તા પર ચાલવાની ટેવ પાડી ચુક્યા છીએ તો આ બાબત તો નક્કી છે કે સફળતા આડે સૌથી મોટી સમસ્યા અમે પોતે છીએ. આના માટે અમને કેટલાક નિયમો તો ચોક્કસપણે બનાવવા જ પડશે. જેમ કે સવારે વહેલી તકે ઉઠી જવાની બાબત ખુબ જ જરૂરી છે. રોજ શારરિક કસરત અને ધ્યાન કરવાની બાબત પણ જરૂરી બની છે. દરરોજ વાંચન, નક્કી કરવામાં આવેલા કામને નક્કી સમયમાં પૂર્ણ કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે. સમય મુજબ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ તમામ નિયમો દેખાવવામાં નાના લાગે છે પરંતુ મોટા ભાગના લોકો તો આ ટેવને પાડવામાં પણ સફળ રહેતા નથી. જો અમે પોતાને જ ઓળખવા માંગીએ છીએ તો પોતાને નવા નવા પડકારો આપવા પડશે. આવી સ્થિતીમાં જરૂરી કસોટી થઈ શકે છે.જાણકાર લોકો કહે છે કે વિચાર મોટા રાખવામાં આવે અને કામ નાના પાયે કરવામાં આવે તે પણ જરૂરી છે. સતત કામ કરતા રહેવાથી સફળતા મળે છે. કોઈ પણ લક્ષ્યને હાંસલ કરવા માટે આ નિયમ અતિ જરૂરી છે.

અમે તમામ લોકો પોતાના નવા કામ અથવા તો કેટલાક ખાસ કરવાની વાત કરીએ છીએ. તેના પર કામ કરવાની શરૂઆત પણ કરી દઈએ છીએ. જો કે આ કામમાં આગળ વધ્યા બાદ સતત કામ જારી રાખી શકતા નથી. કારણ એ છે કે કેટલાક સમય બાદ અમારા વિચાર બદલાઈ જાય છે અથવા તો શરૂઆતમાં ઈચ્છિત પરિણામ હાંસલ થતા નથી. યોગ્ય સમય અને વાતાવરણ પણ કેટલાક કેસમાં અનુકુળ નથી. દુનિયામાં પોતાની મોટી વિચારધારાની દિશામાં કામ કરનાર લોકો ખુબ ઓછા રહ્યા છે. આ જ કારણ છે કે શ્રેષ્ઠ અને સફળ લોકોની સંખ્યા પણ ઓછી રહે છે. એક સારી શરૂઆતનો અર્થ એ નથી કે તમે સફળ થઈ ગયા. આવી જ રીતે એક ખરાબ શરૂઆતનો અર્થ પણ એ નથી કે તમે ફ્લોપ અથવા તો નિષ્ફળ થઈ ગયા છો. અમે વારંવાર અને સતત જોતા રહીએ છીએ કે એક માસુમ બાળક કેટલાક નવા કામ કરતી વેળા સતત પ્રયાસ કરે છે. પરિણામ સારા આવતા નથી અને તે સફળ રહેતો નથી પરંતુ તે સતત પ્રયાસ કરતો રહે છે. તે રોકાઈ જતો નથી. સફળતાની સાથે સાથે ખુશ રહેવા માટે સૌથી જરૂરી છે કે અમે દરેક સ્થિતીમાં સહેજ રહીએ. પરિણામ કેવા પણ મળે છતાં સહેજ રહેવામાં આવે તે જરૂરી છે. જો પરિણામ સારા મળી રહ્યા નથી તો પ્રશ્નો કરીએ. દુનિયામાં ચાર પ્રકારના લોકો હોય છે. પહેલા લોકો એવા છે જે ભુલ કરવાના ડરથી કઈ કરતા જ નથી. બીજા એવા લોકો હોય છે જે ભુલો કરે છે પરંતુ ભુલોથી કોઈ બોધપાઠ લેતા નથી. ત્રીજા લોકો એવા હોય છે ભુલો કરે છે અને તેનાથી શિખીને આગળ વધે છે. પોતાનામાં સુધારો કરે છે. ચોથા લોકો એવા હોય છે જે પોતાની ભુલોથી શિખવાની સાથે સાથે બીજાની ભુલોથી પણ બોધપાઠ લઈને આગળ વધે છે. આજના સમયમાં અમે જો અંતિમ શ્રેણી અથવા તો ચોથી વ્યક્તિની જેમ જ બનીને આગળ વધીશુ તો જ સફળતા સુધી પહોંચી શકાશે. અમને દરકે અનુભવમાંથી શિખીને પોતાને ચકાસીને આગળ વધવાની જરૂર પડશે. જો તમે શિખવા માટે તૈયાર છો તો દરેક અવસર સફળતાની દિશામાં એક પગલુ છે. કેટલાક પ્રશ્નો છે જે હમેંશા પોતાને કરી શકાય છે. આ અવસર અથવા તો વ્યક્તિ પાસેથી શુ શિખી શકાય છે આજે હુ નવુ શુ શિખી રહ્યો છુ આ નવા બોધપાઠને કઈ રીતે અમલી કરવામાં આવે આ તમામ પ્રશ્નો વ્યક્તિને પોતાને કરવા જોઈએ. આગળ વધવા માટે શિખવા માટે પુરતો સમય કાઢવામાં આવે તે જરૂરી છે. ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારના બાળકો પણ ટોપના સ્તર પર પહોંચી રહ્યા છે. જેથી સતત મહેનત, શિસ્ત અને નિયંમો સૌથી ઉપયોગી છે. .



### ટેકનોલોજી ફ્રેન્ડલી યુવા વીઆર કન્ટેન્ટને બિઝનેસ બનાવી શકે છે

**બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે**

# વર્ચુઅલ રિયાલિટી સ્ટાર્ટ અપ ઓપ્શન

**ગયા વર્ષે દુનિયાભરમાં વીઆર સંબંધિત કન્ટેન્ટ શોધનારની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે : વીઆર થિયેટર નવા કોન્સેપ્ટ તરીકે છે**

વિતેલા વર્ષમાં દુનિયાભરમાં વીઆર એટલે કે વર્ચઅલ રિયાલિટી સાથે સંબંધિત કન્ટેન્ટ શોધનાર લોકોની સંખ્યા ૨૦ કરોડથી વધારે રહી છે. જો તમે ટેકનોલોજી ફ્રેન્ડલી છો તો વીઆર કન્ટેન્ટને બિઝનેસ માટે ડેવલપ કરી શકો છો. આની સાથે સંબંધિત વિડિયો અને બ્લોગ વાંચનાર લોકોની સંખ્યા પણ ખુબ વધારે થઈ રહી છે. બિઝનેસ સેક્ટરમાં એઆર અને વીઆર ટેકનોલોજીના વધતા જતા ઉપયોગના કારણે લોકોને ખુબ ફાયદો થયો છે. બીજી બાજુ વર્ચુઅલ રિયાલિટી જેવી ટેકનોલોજી યુવાઓને સ્ટાર્ટ અપના અનેક અવસર ઉપલબ્ધ કરાવી લેવામાં પણ મદદરૂપ બની રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસના ગ્રોથનો અંદાજ આ બાબતથી લગાવી શકાય છે કે વર્ષ ૨૦૨૦માં આની સાથે સંબંધિત માર્કેટનુ કદ આશરે ૧.૪ લાખ કરોડ સુધી પહોંચી ગયુ છે. જ્યારે વર્ષ ૨૦૨૪ સુધી વીઆર ટેકેનોલોજી અને સંબંધિત પ્રોડક્ટસનુ ગ્લોબલ માર્કેટ કદ આશરે ત્રણ લાખ કરોડ રૂપિયાથી વધારે રહેનાર છે. ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસ અને તેમની ફ્યુચર પ્લાનિંગને લઈને સર્વે કરનાર અમેરિકી એજન્સીઓએ હાલમાં વીઆર સંબંધિત બિઝનેસને લઈને ભાવિ ઉજવળ હોવાની બાબત રજૂ કરી છે. ખાસ કરીને ભારત સહિત કેટલાક એશયન દેશોમાં વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત બિઝનેસનો ગ્રોથ સૌથી વધારે રહેવાનો અંદાજ છે. જો કે વીઆર સાથે સંબંધિત એવા ક્યા બિઝનેસ છે જે સૌથી વધારે ફાયદાકારક રહેનાર છે તેને લઈને કેટલીક માહિતી નિષ્ણાંતો દ્વારા એકત્રિત કરવામાં આવી રહી છે. વીઆર ટેકનોલોજી સાથે સંબંધિત પ્રોડક્ટસની યાદી ખુબ લાંબી છે. જો કે મુખ્ય રીતે જે પ્રોડક્ટસની માંગ વધી છે તેમાં વીઆર હેન્ડસેટ, સેંસર, પ્રોજેક્ટ અને ડિસ્પ્લે વોલ, ટ્રેકિગં ડિવાઈસ અને હાઈ પાવરવાળા કોમ્પ્યુટર સિસ્ટમ સામેલ છે. વીઆર ટેકનોલોજીવાળી તમામ પ્રોડક્ટસઅને અન્ય વસ્તુઓની કિંમત વધારે છે. જો કે લોકોનો વીઆર ટેકનોલોજીમાં ક્રેઝ વધી રહ્યો છે જેથી સ્ટાર્ટ અપ આઈડિયાની શોધમાં રહેલા યુવાનોને તક મળી રહી છે. આવા પ્રોડક્ટસના રેટ બિઝનેસ એક ફુટફુળ આઈડિયા તરીકે છે. વીઆર હેન્ડસેટ અથવા તો અન્ય ડિવાઈસ જેમની કિંમત ૧૦ હજાર રૂપિયા અથવા તો વધારે છે તેમને આ રેન્ટ બિઝનેસમાં સામેલ કરવામાં આવી શકે છે. આવા સ્ટાર્ટ અપની સંખ્યા ચીન અને સિંગાપોરમાં અતિ ઝડપથી વધી રહી છે. વીઆર સાથે સંબંધિત બિઝનેસની લોકપ્રિયતાને આ બાબતથી સમજી શકાય છે કે વર્ષ ૨૦૧૯માં આ સેક્ટરતી સંબંધિત ૫૦થી વધારે સ્ટાર્ટ અપને રોકાણકારો મળી ચુક્યા છે. તેમાં સૌથી વધારે સંખ્યા એશિયાના સ્ટાર્ટ અપની રહેલી છે. જેથી આ સેક્ટરના બિઝનેસમાં જો આપની પાસે બજેટની કમી છે તો અથવા તો ફંડ ઓછા પ્રમાણમાં છે તો આપના રોકાણના સંબંધમાં વધારે ચિંતા રહેશે નહીં. વીઆર થિયેટર લોકપ્રિય થવા માટેના કારણ એ છે કે ૩૬૦ ડિગ્રીમાં વિડિયો જોવામાં આવે છે. અલબત્ત આ એક મોંઘા બિઝનેસ આઈડિયા તરીકે છે. કારણ કે જો તમે ૨૦ સીટવાળા વીઆર થિયેટર બનાવવા માટે ઈચ્છુક છો તો આપને આશરે ૨૦ લાખ રૂપિયાના રોકાણૅની જરૂર હોય છે. જો તમારી પાસે મોટા બજેટ નથી તો તમે વીઆર વિડિયો સ્ટુડિયો વિકસિત કરી શકો છો. જ્યાં તમે લોકોને આક્યુલસ રિફ્ટ અથવા તો વાઈવના અનુભવ કરાવી શકો છો. વીઆર પ્રોડક્ટસને ઓનલાઈન ખરીદીને ગ્રાહક પર તેમને પોતાના સ્ટુડિયોમાં દર્શાવી શકો છો. વીઆર ટેકનોલોજી શુ છે તે અંગે વાત કરવામાં આવે તો આપ્રશ્ન ચોક્કસ સારો છે. વર્તમાનમાં વીઆર ટેકનોલોજીનો ઉપયોગ કરનારની સંખ્યામાં દર વર્ષે ઝડપી વધારો થઈ રહ્યો છે. આ ટેકનોલોજીની શરૂઆત વર્ષ ૨૦૧૦માં અમેરિકામાં થઈ હતી. વર્ષ ૨૦૧૬ બાદ તેનો ઉપયોગ કારોબારના સ્તર પર શરૂ થયો હતો. ભારત અને અન્ય એશિયન દેશોમાં આ ટેકનોલોજીનો ઉપયોગ છેલ્લા એક વર્ષમાં વધ્યો છે. વર્ચુઅલ રિયાલિટીને સામાન્ય ભાષામાં આભાસી દુનિયા કહેવામાં આવે ચે. ટેકનોલોજીના ઉપયોગથી કોઈ પણ વ્યક્તિ એવી વસ્તુને અનુભવ કરી શકે છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

### WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# આ છે જામફળની 5 ઉત્તમ જાત



જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. જામફળની ખેતી સમગ્ર ભારતમાં થાય છે, પરંતુ અલ્હાબાદી જામફળની વાત અલગ છે. અલ્હાબાદી જામફળ તેના સ્વાદ અને સુગંધ માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે. તે એકદમ સફરજન જેવું લાગે છે. એટલા માટે લોકો તેને સેબિયા જામફળ પણ કહે છે. કહેવાય છે કે અલાહાબાદી જામફળની ખેતી બાદશાહ અકબરના સમયથી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં લોકો વિચારે છે કે અલ્હાબાદી જામફળની ખેતી કરીને જ સારી આવક (Farmers Income) મેળવી શકાય છે, પરંતુ એવું નથી. જામફળની આવી ઘણી જાતો છે, જેની ખેતી બમ્પર ઉપજ આપશે.

## પંત પ્રભાત

જામફળની શ્રેષ્ઠ જાત વિશે વાત કરવામાં આવે છે ત્યારે પંત પ્રભાતનું નામ સૌથી પહેલા આવે છે. જામફળની આ એક ખૂબ જ અનોખી જાત છે. આ જાત કૃષિ યુનિવર્સિટી પંતનગર દ્વારા વિકસાવવામાં આવી છે. આ પ્રકારના જામફળ પાકે છે ત્યારે તેનો ઉપરનો ભાગ પીળો થઈ જાય છે. જ્યારે, ગુદાનો રંગ સફેદ રહે છે. પંત પ્રભાત એક ઝાડમાંથી 120 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે.

**શ્વેતા** | શ્વેતા એ પણ જામફળની એક ખાસ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. આ જાતની ખેતી ખેડૂતો માટે ફાયદાકારક સાબિત થશે. શ્વેતા જાતના જામફળના ઝાડની ઊંચાઈ ઓછી હોય છે. તમે 6 વર્ષ જૂના ઝાડમાંથી 90 કિલો જામફળ તોડી શકો છો. તેના એક ફળનું વજન 225 ગ્રામ સુધી હોય છે. તેની સૌથી મોટી ખાસિયત એ છે કે તેના ફળ ઘણા દિવસો સુધી બગડતા નથી.

**લખનઉ-49** | લખનઉ-49 જાતના જામફળના ઝાડ કદમાં નાના હોય છે. પરંતુ તેના ફળ ખૂબ જ મીઠા અને સ્વાદિષ્ટ હોય છે. ઉત્પાદનની દ્રષ્ટિએ પણ લખનઉ-49 જામફળ ઉત્તમ છે. તેનું એક ઝાડ 130 થી 155 કિલો જામફળનું ઉત્પાદન કરી શકે છે. ખેડૂતોમાં આ ખૂબ જ લોકપ્રિય જાત છે.

**થાઈ જામફળ** | થાઈ જામફળ એક વિચિત્ર જાત છે. તેના છોડ ખૂબ જ ઓછા સમયમાં ફળ આપવા લાગે છે. તેના જામફળની કિંમત વધુ છે. થાઈ જામફળ ઝડપથી બગડતા નથી. લણણી કર્યા પછી, તમે તેને 12 થી 13 દિવસ સુધી સ્ટોર કરી શકો છો. 4 થી 5 વર્ષ પછી, તેના એક ઝાડમાંથી 100 કિલો સુધીના ફળોનું ઉત્પાદન શરૂ થાય છે.

**લલિત** | લલિત જામફળની એક ઉત્તમ જાત છે. તેને CISH લખનૌ દ્વારા વિકસાવવામાં આવ્યું છે. તેના ફળનું વજન 200 ગ્રામ સુધી હોઈ શકે છે. તેનો રંગ કેસરી છે. જો કે, ગુદાનો રંગ ગુલાબી છે. તમે તેના 6 વર્ષ જૂના ઝાડમાંથી 100 કિલો જામફળ તોડી શકો છો. જામફળની બાગાયતમાં રોકાયેલા ખેડૂતો માટે આ જાત વધુ સારી માનવામાં આવે છે.

# ભારતમાં બાજરાનો ઇતિહાસ, જાણો તેની ખેતી કેવી રીતે અને ક્યારે શરૂ થઇ



50 વર્ષ પહેલા ભારતમાં બાજરો સૌથી વધુ ઉગાડવામાં આવતા ખાદ્ય પાકોમાંનો એક હતો. કોરિયન દ્વીપકલ્પમાં બાજરીનો ઈતિહાસ 3500-2000 બીસીનો છે. ભારતમાં, ખાદ્ય ઈતિહાસમાં બાજરીનો સૌથી પહેલો ઉલ્લેખ યજુર્વેદ ગ્રંથોમાં જોવા મળે છે. 50 વર્ષ પહેલા ભારતમાં બાજરો સૌથી વધુ ઉગાડવામાં આવતા ખાદ્ય પાકોમાંનો એક હતો. કોરિયન દ્વીપકલ્પમાં બાજરીનો ઈતિહાસ 3500-2000 બીસીનો છે. ભારતમાં, ખાદ્ય ઈતિહાસમાં બાજરીનો સૌથી પહેલો ઉલ્લેખ યજુર્વેદ ગ્રંથોમાં જોવા મળે છે. ભારતમાં અનાજના વિકાસનો પ્રારંભિક ઈતિહાસ મુખ્યત્વે ત્રણ પ્રકારના લોકપ્રિય બાજરાને ઓળખે છે: ફોક્સટેઈલ બાજરી, બરનયાર્ડ બાજરી અને બ્લેક ફિંગર બાજરી. આ ઉપરાંત જુવાર, મોતી, રાગી, પ્રોસો, કોડો એ બાજરીની તમામ જાતો છે. વિવિધ ભારતીય વ્યંજનોમાં અનાજનું પોતાનું ગૌરવપૂર્ણ સ્થાન હતું, જો કે પાછળથી તેની શોભા ઘટી ગઈ અને ત્યાર બાદ તેને ઓછી ગુણવત્તાવાળા, બરછટ અનાજ તરીકે ગણવામાં આવતું હતું. વધુ સારા ખોરાકના સ્વાદ માટે ગણાતી વાનગીઓની સૂચિમાંથી અલગ કરવામાં આવ્યો હતો.

## શા માટે લોકો આ અનાજથી દૂર થઇ રહ્યા છે ?

અન્ય ઘણી આદતોની જેમ, ભારતીયોએ પણ પશ્ચિમી રુચિઓ અનુસાર તેમની ખોરાકની આદતોમાં ફેરફાર કર્યો. સ્વદેશી ખાદ્યપદાર્થો વિસરી રહ્યા છે. આખરે, બાજરી જેવા અનાજની કિંમત ઘટી ગઈ કારણ કે તેને ઘઉં અથવા ચોખાનો નબળો વિકલ્પ માનવામાં આવતો હતો. હરિયાળી ક્રાંતિ પહેલા, બાજરીનો હિસ્સો 40 ટકા ફાળો ઉગાડવામાં આવતા અનાજમાંથી હતો. જે ચોખાના ઉત્પાદન કરતાં વધુ ફાળો આપતું હતું.

## માગની સાથે ઉત્પાદનમાં પણ ઘટાડો થયો છે

વર્ષોથી, કૃષિ તેમજ પર્યાવરણીય પરિણામોને કારણે બાજરીનું ઉત્પાદન અનાજ ઉત્પાદનના 40 ટકાથી ઘટીને લગભગ 10 ટકા થયું છે. ચોખા અને ઘઉં ભારતીય ખોરાક બની ગયા છે. તાજેતરના વર્ષોમાં ભારતમાં ધીમે ધીમે બાજરા તરફી ચળવળ શરૂ થઈ છે.


## દેશમાં બાજરી સંબંધિત આંકડા

એસોચેમ અનુસાર, ભારત વિશ્વમાં બાજરાનો સૌથી મોટા ઉત્પાદક દેશ છે. ભારતમાં લગભગ 21 રાજ્યોમાં બાજરો ઉગાડવામાં આવે છે. રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, આંધ્રપ્રદેશ, તમિલનાડુ, કેરળ, તેલંગાણા, ઉત્તરાખંડ, ઝારખંડ, મધ્યપ્રદેશ, હરિયાણા અને ગુજરાતમાં મુખ્ય પ્રોત્સાહન છે. ભારતમાં, બાજરીની ખેતી 12.45 મિલિયન હેક્ટર વિસ્તારમાં થાય છે, જે 1247 કિગ્રા/હેક્ટરની ઉપજ સાથે 15.53 મિલિયન ટનનું ઉત્પાદન કરે છે. ક્ષેત્રફળ (3.84 મિલિયન હેક્ટર) અને ઉત્પાદન (4.31 મિલિયન મેટ્રિક ટન)ની દ્રષ્ટિએ ચોખા, ઘઉં અને મકાઈ પછી જુવાર એ ભારતમાં ચોથો સૌથી મહત્વપૂર્ણ અનાજ છે. બાજરો (7.05 મિલિયન હેક્ટર) ઉત્પાદનની લગભગ સમાન ટકાવારી સાથે દેશના બાજરા વિસ્તારમાં 50 ટકાથી વધુ યોગદાન આપે છે. એ નોંધવું રસપ્રદ છે કે ભારત બાર્નયાર્ડ (99.9 ટકા), ફિંગર (53.3 ટકા), કોડો (100 ટકા)નું ટોચનું ઉત્પાદક છે.

## દરેક પરિસ્થિતિમાં સાથ આપશે

બાજરો સરળતાથી ખરાબ થતો નથી અને કેટલીકવાર તેની શેલ્ફ લાઈફ એક દાયકાથી વધુ હોય છે. તે ઉચ્ચ પોષક મૂલ્ય ધરાવે છે, જે ખોરાકના બગાડને નિયંત્રિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. બાજરી તંતુમય છે, તેમાં મેગ્નેશિયમ, નિયાસિન (વિટામિન B3), ધાન્યના લોટમાં રહેલું નત્રિલ દ્રવ્ય મુક્ત છે અને તેમાં પ્રોટીનનું પ્રમાણ વધુ છે.

# ભારતમાં કેવી રીતે પહોંચ્યા બટાટા



આપણે દરેક શાકભાજીમાં બટાટાનો ઉપયોગ કરીએ છીએ, પરંતુ શું તમે બટાટાના ઈતિહાસ વિશે જાણો છો. બટાટા એ ભારતમાં રહેતા મોટાભાગના લોકોનું પ્રિય શાક છે. આજે આપણે તેના ઈતિહાસ વિશે વાત કરીશું અને જણાવીશું કે બટાટા અમેરિકા અને યુરોપ થઈને ભારત કેવી રીતે પહોંચ્યા. ઘઉં, ચોખા અને મકાઈ પછી, આ ચોથો એવો પાક છે જે સૌથી વધુ ઉપજ આપે છે. આજે ભારત વૈશ્વિક સ્તરે બટાટાના ઉત્પાદનમાં ચોથા ક્રમે છે.

## બટાટાનો ઈતિહાસ

વૈજ્ઞાનિકોના મતે બટાટાની શોધ લગભગ આઠ હજાર વર્ષ પહેલા થઈ હતી. તે સૌપ્રથમ દક્ષિણ અમેરિકામાં પેરુના ખેડૂતો દ્વારા ઉગાડવામાં આવ્યા હતા. આ પછી, તે ધીમે ધીમે સોળમી સદીમાં યુરોપના સ્પેન દેશમાં પહોંચ્યા. સ્પેનમાં, બટાટા દક્ષિણ અમેરિકાના વસાહતી દેશોમાં પહોંચ્યા અને પછી ધીમે ધીમે તેનો પાક બ્રિટન સહિત યુરોપના તમામ દેશોમાં ઉગાડવામાં આવ્યો. યુરોપ પહોંચ્યા પછી, બટાટા તમામ સંસ્થાનવાદી દેશોમાં પહોંચવાનું શરૂ કર્યું અને ધીમે ધીમે સમગ્ર વિશ્વમાં ફેલાયા.

## ભારતમાં ક્યારે આવ્યા બટાટા

જહાંગીરના શાસનકાળ દરમિયાન ભારતમાં બટાટાની પ્રથમ શરૂઆત થઈ હતી. કહેવાય છે કે બટાટાને ભારતમાં લાવવાનું કામ અંગ્રેજોએ કર્યું અને પછી તે આખા દેશમાં ફેલાઈ ગયું. આ રીતે ધીમે-ધીમે તે આખી દુનિયામાં લોકપ્રિય થઈ ગયા. હાલમાં આયર્લેન્ડ અને રશિયા જેવા દેશોના લોકો બટાટા પર સૌથી વધુ નિર્ભર છે. વડાપાવ, ચાટ, ચિપ્સ, પાપડ, ફ્રેન્ચ ફ્રાઈસ, સમોસા, ટિક્કી, ચોખા અને તમામ પ્રકારની વાનગીઓ આપણા દેશમાં બટાટામાંથી બનાવવામાં આવે છે. ભારતના લગભગ તમામ રાજ્યોમાં તેની ખેતી થાય છે. ભારતના ઉત્તર પ્રદેશ રાજ્યમાં તેનું ઉત્પાદન સૌથી વધુ છે. આ એક પાક છે જે જમીનની નીચે ઉગે છે. ચીન અને રશિયા પછી ભારત બટાટાનો સૌથી મોટો ઉત્પાદક દેશ છે. એવું કહેવાય છે કે તત્કાલિન ગવર્નર જનરલ વોરેન હેસ્ટિંગ્સ ભારતમાં બટાટા લાવ્યા હતા.

# જલ્દી ધનવાન બનવા માંગતા હોવ તો કરો કાજુની ખેતી, આ રીતે થશે તમારી આવક



લોકો માને છે કે કેરી, જામફળ, સફરજન, દ્રાક્ષ અને લીચી સૌથી મોંઘા ફળ છે. ખેડૂતો તેમની ખેતીથી સમૃદ્ધ બનશે. પરંતુ આ કેસ નથી. આ મોસમી ફળો કરતાં સુકા ફળો મોંઘા છે. બદામ, અખરોટ, અંજીર અને સૂકી દ્રાક્ષ સહિત ઘણા પ્રકારના સૂકા ફળો છે, પરંતુ કાજુ અલગ છે. તેનો દર બદામ અને અંજીર કરતા વધુ છે. કાજુમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન અને ફાઈબર ભરપૂર માત્રામાં જોવા મળે છે. આ સિવાય તેમાં કોપર, ફોસ્ફરસ, મેંગેનીઝ, ઝિંક અને મેગ્નેશિયમ સહિત અનેક પ્રકારના મિનરલ્સ મળી આવે છે. આવી સ્થિતિમાં જો તમે કાજુનું સેવન કરશો તો તમારા શરીરમાં લોહીની કમી નહીં થાય. આ સાથે તમારા હાડકા પણ મજબૂત બનશે. હાલમાં આવા બજારમાં કાજુનો ભાવ રૂ.1200 થી રૂ.1400 પ્રતિ કિલો છે. આવી સ્થિતિમાં જો ખેડૂત ભાઈઓ કાજુની ખેતી કરે તો તેઓ સારી કમાણી કરી શકે છે.

**20 થી 35 ડિગ્રી તાપમાન કાજુની ખેતી માટે યોગ્ય છે** | મહારાષ્ટ્ર, કર્ણાટક, કેરળ, તમિલનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં ખેડૂતો મોટા પાયે કાજુની ખેતી કરે છે. પરંતુ હવે ઝારખંડ અને બિહાર જેવા રાજ્યોમાં પણ ખેડૂતોએ કાજુની ખેતી શરૂ કરી છે. કાજુનો છોડ ગરમ હવામાનમાં ઝડપથી વધે છે. આ સાથે કાજુની ઉપજ પણ સારી છે. તેની ખેતી માટે 20 થી 35 ડિગ્રી તાપમાન યોગ્ય છે. કાજુની વિશેષતા એ છે કે એકવાર તમે તેની ખેતી શરૂ કરી દો, તો તમને ઘણા વર્ષો સુધી ઉત્પાદન મળતું રહે છે.

**એક હેક્ટરમાં 10 ટન કાજુની બમ્પર ઉપજ મળશે** | જો તમે એક હેક્ટરમાં કાજુની ખેતી કરો છો, તો તમે વધુમાં વધુ 500 કાજુના છોડ વાવી શકો છો. નિષ્ણાતોના મતે, કાજુના એક છોડમાંથી તમને આખી સિઝનમાં 20 કિલો ઉત્પાદન મળશે. આ રીતે એક હેક્ટરમાં 10 ટન કાજુની બમ્પર ઉપજ મળશે. અત્યારે બજારમાં કાજુ 1200 થી 1400 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. આ રીતે તમે 10 ટન કાજુ વેચીને બમ્પર કમાણી કરી શકો છો.

# PM પ્રણામ યોજનાને મળી કેબિનેટની મંજૂરી, પેકેજ હેઠળ 3.7 લાખ કરોડ રૂપિયાનો કરાશે ખર્ચ



PM નરેન્દ્ર મોદીની (Narendra Modi) અધ્યક્ષતામાં બુધવારે કેન્દ્રીય કેબિનેટની બેઠક મળી હતી. આ બેઠકમાં કેન્દ્ર સરકારે ખેડૂતોના (Farmers) હિતમાં ઘણા મહત્વના નિર્ણયો લીધા હતા. કેન્દ્રીય કેબિનેટે સલ્ફર કોટેડ યુરિયાની રજૂઆત માટે લીલી ઝંડી આપી દીધી છે. સલ્ફર કોટેડ યુરિયાને યુરિયા ગોલ્ડ તરીકે ઓળખવામાં આવશે. આ પહેલા સરકાર નીમ કોટેડ યુરિયા પણ લાવી છે. આ સાથે જ સરકારે નેશનલ રિસર્ચ ફાઉન્ડેશનની સ્થાપના કરવાનો પણ નિર્ણય લીધો છે.

**ખાદ્ય સુરક્ષા સહિત અનેક યોજનાઓને મંજૂરી આપવામાં આવી** | યુરિયા સબસિડી યોજનાને 31 માર્ચ, 2025 સુધી ચાલુ રાખવા માટે કેબિનેટ તરફથી મંજૂરી મળી ગઈ છે. આ ઉપરાંત જમીનની ઉત્પાદકતા વધારવા અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પણ અનેક યોજનાઓને મંજૂરી આપવામાં આવી છે. આ સાથે કચરામાંથી ખાતર બનાવવા માટે બજાર વિકાસ સહાય માટે 1451 કરોડ રૂપિયા ખર્ચવાની જોગવાઈ કરવામાં આવી છે. છાણમાંથી જૈવિક ખાતર બનાવીને જમીનની ગુણવત્તામાં વધારો થશે.


**ઓછા ખાતરનો ઉપયોગ કરતા રાજ્યોને પ્રોત્સાહિત કરાશે** | કેબિનેટની બેઠક બાદ કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે જે રાજ્ય સરકાર ઓછા ખાતરનો ઉપયોગ કરે છે તેમને કેન્દ્ર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવશે. ખાસ વાત એ છે કે પંજાબ ખાતરના વપરાશમાં પ્રથમ ક્રમાંકનું રાજ્ય છે. પંજાબે આગલા વર્ષની તુલનામાં 10 ટકા વધુ ખાતરનો ઉપયોગ કર્યો છે, જ્યારે ત્યાં પાકના ઉત્પાદનમાં ઘટાડો થયો છે.

**કેબિનેટે ખેડૂતો માટે 3.7 લાખ કરોડ રૂપિયાના વિશેષ પેકેજની જાહેરાત કરી**

કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે કેબિનેટે ખેડૂતો માટે 3.7 લાખ કરોડ રૂપિયાના વિશેષ પેકેજની જાહેરાત કરી છે. આ સાથે જ બેઠકમાં PM પ્રણામ યોજના નામની યોજના શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ યોજના હેઠળ, જો કોઈ રાજ્ય રાસાયણિક ખાતરોને બદલે જૈવિક ખાતરોનો ઉપયોગ કરે છે, તો સબસિડી પરની બચત તે રાજ્યને પ્રોત્સાહન તરીકે આપવામાં આવશે.

### જાવેદ અખ્તરે કહ્યું 'અમારો શ્રેષ્ઠ સંવાદ હવે આવશે'

# 'શોલે'ના લેખક સલીમ-જાવેદ 'એક આખરી ફિલ્મ' માટે સાથે આવશે



એમેઝોન પ્રાઈમ સલીમ જાવેદ અને જાવેદ અખ્તરની આઈકોનિક જોડી પર એક નવી ડોક્યુમેન્ટ્રી લઈને આવી રહ્યું છે, જેનું નામ 'એંગ્રી યંગ મેન' છે. આ ડોક્યુમેન્ટરીનું ટ્રેલર મંગળવારે લૉન્ચ કરવામાં આવ્યું હતું અને જાવેદ અખ્તરે આ ઈવેન્ટ પર એક જાહેરાત કરી છે જે કોઈપણ ફિલ્મ ચાહકો માટે ખૂબ જ રોમાંચક છે હિન્દી ફિલ્મોની દુનિયામાં 'એન્ગ્રી યંગ મેન'ની વિસ્ફોટક છબી ઉભી કરનાર આઈકોનિક લેખક જોડી સલીમ-જાવેદને સિનેમા ચાહકો ભૂલી શકતા નથી. આ જોડીએ સાથે મળીને દીવાર, જંજીર, શોલે, કાલા પથ્થર અને ત્રિશુલ જેવી ઘણી અદ્ભુત ફિલ્મો લખી છે. તેથી જ ૧૯૮૨ માં આ આઈકોનિક કપલનું બ્રેકઅપ હિન્દી ફિલ્મ ચાહકો માટે હૃદયદ્રાવક હતું. પરંતુ હવે આ જોડી ફરી એકવાર સાથે આવવાની છે. એમેઝોન પ્રાઈમ સલીમ જાવેદ અને જાવેદ અખ્તરની આઈકોનિક જોડી પર એક નવી ડોક્યુમેન્ટ્રી લઈને આવી રહ્યું છે, જેનું નામ 'એંગ્રી યંગ મેન' છે. આ ડોક્યુમેન્ટરીનું ટ્રેલર મંગળવારે લૉન્ચ કરવામાં આવ્યું હતું અને જાવેદ અખ્તરે આ ઈવેન્ટ પર એક જાહેરાત કરી છે જે કોઈપણ ફિલ્મ ચાહકો માટે ખૂબ જ રોમાંચક છે. 'એંગ્રી યંગ મેન' ડોક્યુમેન્ટરીના ટ્રેલર લૉન્ચ સમયે, જાવેદ અખ્તરે જાહેરાત કરી કે તે તેના જૂના પાર્ટનર સલીમ ખાન સાથે ફરી એકવાર કામ કરવા જઈ રહ્યો છે.

# એક દિવસમાં ૨૦૦ જેટલી સિગારેટ પી જતા હતા અમિતાભ બચ્ચન

### કોલેજમાં બહુ ઝઘડતાં હતા



અમિતાભ બચ્ચન પોતાની સ્ટ્રિક્ટ લાઈફસ્ટાઈલ માટે જાણીતો છે. તે હવે સ્મોક કરતો નથી અને દારૂ પણ પીતો નથી પરંતુ શું તમને ખબર છે કે એક સમય એવો હતો જ્યારે અમિતાભ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પી જતો હતો. એક જૂના ઈન્ટરવ્યૂમાં અમિતાભે આ વિશે વાત કરી હતી. અમિતાભે જણાવ્યું કે 'હુ નોનવેજ ખાતો નથી પરંતુ મારી પત્ની જયા ખાય છે.'અમિતાભે કહ્યું, 'હુ સ્મોક કરતો નથી અને ડ્રિન્ક પણ કરતો નથી અને નોનવેજ પણ ખાતો નથી. આ કોઈ ધર્મના કારણે નહીં પરંતુ ટેસ્ટના કારણે છે. મારા પરિવારમાં મારા પિતા વેજિટેરિયન હતા અને મારી માતા નહીં. તેવી જ રીતે જયા નોનવેજ ખાય છે અને હુ નહીં. હુ પહેલા મીટ ખાતો હતો. ડ્રિન્ક અને સ્મોક પણ કરતો હતો પરંતુ હવે બધું છોડી દીધું છે. કોલકાતામાં હુ એક દિવસમાં ૨૦૦ સિગારેટ પીતો હતો, હાં ૨૦૦. પરંતુ મુંબઈ આવ્યા બાદ મે છોડી દીધી. હુ ડ્રિન્ક પણ કરતો હતો, કંઈ પણ હોય જે હાથમાં આવે તે પીતો હતો પરતુ અમુક વર્ષો પહેલા મે નક્કી કર્યુ કે મને આની જરૂર નથી. આ ટેવોના કારણે મને કોઈ તકલીફ થતી નહોતી, માત્ર જ્યારે હુ વિદેશમાં શૂટિંગ કરી રહ્યો હોવ ત્યારે કેમ કે ત્યાં વેજિટેરિયન ભોજનને લઈને મુશ્કેલી પડે છે.'અમિતાભે કહ્યું કે હુ અહિંસક માણસ છુ. મને નથી લાગતુ કે હુ હિંસક માણસ છુ. હુ મારું નિયંત્રણ પણ ગુમાવતો નથી. હા, કોલેજના દિવસોમાં અમુક ઝઘડા થતા હતા પરંતુ આટલું જ. સ્ક્રીન પર લડત ખૂબ અનરિયલ હોય છે.

# સલમાન ખાને કહ્યું 'આજના માણસે માણસ ન બનવું જોઈએ'

### સલીમ-જાવેદના કરિયર પર આધારિત ડોક્યુમેન્ટરી સિરીઝ 'એંગ્રી યંગ મેન' ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે



સલીમ-જાવેદના કરિયર પર આધારિત ડોક્યુમેન્ટરી સિરીઝ 'એંગ્રી યંગ મેન' ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. તેનું ટ્રેલર આજે લોન્ચ કરવામાં આવ્યું છે. સિરીઝના ટ્રેલર લૉન્ચ વખતે સલમાન ખાને પુરુષો વિશે વાત કરી હતી. બોલિવૂડની પ્રખ્યાત લેખક જોડી જાવેદ અખ્તર અને સલીમ ખાનની વાર્તા પડદા પર બતાવવામાં આવનાર છે. 'એન્ગ્રી યંગ મેન' નામની એક ડોક્યુમેન્ટરી સિરીઝની જાહેરાત થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી, જેનું ટ્રેલર પણ હવે રિલીઝ કરવામાં આવ્યું છે. જેમાં સલીમ-જાવેદની જોડીની રચના, બ્રેકઅપ અને સાથે મળીને ઉત્તમ ફિલ્મો લખવાની વાર્તા બતાવવામાં આવશે. તેના ટ્રેલર લોન્ચ ઈવેન્ટમાં સલમાન ખાને પણ હાજરી આપી હતી. આ દરમિયાન, સુપરસ્ટારે પુરુષો વિશે વાત કરી. સલીમ-જાવેદે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને 'એન્ગ્રી યંગ મેન'નો કોન્સેપ્ટ આપ્યો. હવે તેની ડોક્યુમેન્ટ્રી સિરીઝ આ જ નામ સાથે આવી રહી છે. સિરીઝના ટ્રેલર લૉન્ચ વખતે સલમાન ખાને કહ્યું, 'ઘણા લેખકો લખે છે. સલીમ-જાવેદ વિચારે છે કે, તેઓએ તેમના જીવનના અનુભવો, તેમની આસપાસના લોકો પાસેથી શું શીખ્યા, તેઓએ શું જોયું, તેમના માતા-પિતાએ તેમને શું શીખવ્યું, તેમના બાળકો જે રીતે મોટા થયા છે, તેઓએ તેમના જીવનમાં શું અમલમાં મૂક્યું છે વસ્તુઓ અને તેમાંથી સિનેમા બનાવ્યું. અન્ય લેખકો સિનેમામાંથી શીખે છે અને પછી તેને સિનેમામાં મૂકે છે. અભિનેતાએ આગળ કહ્યું, 'ભગવાન માણસો બનાવે છે, પરંતુ માણસ માણસ બનીને રહેવા માંગતો નથી. તે ઘણા પુરુષો બનાવે છે.

# 'લૈલા મજનૂ'ની રી-રિલીઝે અજયની ફિલ્મને હંફાવી




કાલ્પનિક વિશ્વને વાસ્તવિકતા સાથે જોડીને પોતાની ફિલ્મોની અલગ દુનિયા ક્રિએટ કરવામાં માનતા ઈમ્તિઆઝ અલીએ ૨૦૧૮માં અનંત પ્રેમની કથા 'લૈલા મજનૂ' લખી. તેના ભાઈ સાજિદ અલી દ્વારા આ ફિલ્મ ડિરેક્ટ કરવામાં આવી હતી. લૈલા મજનૂની લોકપ્રિય અને જાણીતી કથા આધારિત આ ફિલ્મમાં તૃપ્તિ ડિમરી અને અવિનાશ તિવારી લીડ રોલમાં જોવા મળ્યાં હતા. આ ફિલ્મને હવે રિ રિલીઝ કરવામાં આવી છે, જેણે અજય દેવગન અને તબુની ફિલ્મને પણ પાછળ રાખી દીધી છે. આ શુક્રવારે ફિલ્મ રિલીઝ થઈ ત્યારે તેણે પહેલાં દિવસે જ ૩૦ લાખની કમાણી કરી લીધી હતી. જ્યારે વીકેન્ડમાં આ ફિલ્મે ૧૧૦ ટકાના વધારા સાથે ફલાંગ મારીને ૭૦ લાખની કમાણી કરી હતી. આમ બે જ દિવસમાં આ ફિલ્મ ૧ કરોડે પહોંચી ગઈ હતી.

# કેટરિના વિકીના ઘરે યોજાયેલી પાટીનું મેનુ નક્કી કરે છે : તૃપ્તિ ડિમરી

### તૃપ્તિ ડિમરી જાણે છે કે સ્ટ્રીટ ફૂડ ક્યાંથી મેળવવું

તૃપ્તિની ફૂડ વિશેની વિશેષતા વિશે જણાવતાં નેહાએ કહ્યું કે, 'ફૂડમાં તેની પસંદગી ખૂબ જ રસપ્રદ છે. જ્યારે અમે સિમલામાં શૂટિંગ કરતા હતા ત્યારે તૃપ્તિ રસપ્રદ જગ્યાઓ શોધતી હતી. તે મને કહેતી કે શ્રેષ્ઠ મોમોસવાળી આંટી ક્યાં બેસે છે અને હું કારમાં ત્યાં પહોંચતો. હાલમાં જ રીલિઝ થયેલી ફિલ્મ 'બેડ ન્યૂઝ'માં વિકી કૌશલ અને તૃપ્તિ ડિમરીની કેમેસ્ટ્રી જોઈને દર્શકોના દિલો દીવાના થઈ રહ્યા છે. આ બંને કલાકારોએ ફિલ્મ માટે તેમના શરીર પર કેટલું વિશેષ ધ્યાન આપ્યું છે, જેઓ સ્ક્રીન પર એક સાથે અદ્ભુત દેખાઈ રહ્યા છે, તે 'જાનમ' ગીતમાં જ દેખાય છે. પરંતુ નેહા ધૂપિયાના મતે, વિકી અને તૃપ્તિ વચ્ચે 'બિગ ફૂડી' પસંદ કરવી ખૂબ મુશ્કેલ છે. 'બેડ ન્યૂઝ' એ વાસ્તવિક જીવનના મિત્રો નેહા ધૂપિયા, વિકી કૌશલ અને કરણ જોહરને ફરી એકવાર સાથે કામ કરવાની તક આપી છે. ફિલ્મમાં નેહાનો રોલ ઘણો નાનો છે, પરંતુ તેણે હવે કહ્યું છે કે તેણે ફિલ્મના સેટ પર ખૂબ જ મસ્તી કરી હતી. વાત કરતી વખતે નેહાએ જણાવ્યું કે તેણે સેટ પર વિક્કી સાથે ઘણો સમય વિતાવ્યો પરંતુ કરણ ઓછો આવ્યો કારણ કે તે ફિલ્મનો નિર્માતા હતો અને નિર્દેશકો સાથે તેમના કામમાં દખલ કરવા માંગતો ન હતો. પરંતુ ફિલ્મના સેટ પર લોકોએ એકસાથે ઘણું બધું ખાધું હતું. નેહાએ કહ્યું, 'દરેક માઈલ એક સમારોહ હતો. જો તમે સેટ પર સૌથી મોટા ખાણીપીણી પસંદ કરો છો, તો વિકી અને તૃપ્તિ ખૂબ જ નજીક રહેશે. એકવાર અમે જૂની દિલ્હીમાં શૂટિંગ કરી રહ્યા હતા અને વિકી ત્યાંના સૌથી અધિકૃત ખોરાકની ઈચ્છા રાખતો હતો. અને જ્યારે મેં બધો ખોરાક જોયો, ત્યારે મને મારી ચિંતા થવા લાગી.



# 'કંગુઆ'માં એક્શન ડ્રામાથી સુર્યા અને બોબી ભૂતકાળના રહસ્યો ખોલશે

શિવાએ ડિરેક્ટ કરેલી ફિલ્મ જેમાં સૂર્યા લીડ રોલમાં છે, તેવી 'કંગુઆ'નું ટ્રેલર સોમવારે લોંચ થયું. જેમાં બૉબી દેઓલ અને દિશા પટ્ટણી પણ લીડ રોલમાં જોવા મળે છે. આ ટ્રેલરમાં ફિલ્મની સ્ટોરીની ઝલક જોવા મળે છે, સાથે જ એવી રીતે ટ્રેલર બનાવાયું છે કે, પ્લોટ વિશે ખાસ ખ્યાલ પણ આવતો નથી. સૂર્યા દ્વારા એક્સ પર 'કંગુઆ'નું ટ્રેલર શેર કરીને તેમને બર્થડે પણ વિશ કરવામાં આવ્યો હતો. તેણે લખ્યું,“આપણે એક ટીમ તરીકે સાથે મળીને જે કંઈ કર્યુ છે, તેના માટે હું ખુબ ગૌરવ અનુભવું છું, ધન્યવાદ, વ્હાલા શિવા તને જન્મદિવસની ખુબ શુભકામનાઓ. તમારા બધા માટે આ રહ્યું અમારું કંગુઆનું ટ્રેલર.” આ ટ્રેલર ૨ મિનિટ અને ૩૭ સેકન્ડનું છે, જેની શરૂઆત એક વૃદ્ધ સ્ત્રીના અવાજ સાથે થાય છે,“અમે આ જે ટાપુ પર રહીએ છીએ તેમાં ઘણાં રહસ્યો વિખેરાયેલાં પડ્યાં છે. પરંતુ એ બધાંમાં જે સૌથી વધુ હચમચાવી દેનારું છે તે...” ત્યાર બાદ ટ્રેલરમાં સૂર્યા અને બૉબી દેઓલના પાત્રો દેખાડાયાં છે, જેઓ પોતાની કબીલાના સરદાર છે અને વીર યોદ્ધાઓ છે. ટ્રેલર પરથી અંદાજ આવે છે કે તેઓ બંને એકબીજાના વિરોધી આગેવાનો હશે જે ફિલ્મમાં એકબીજા સામે લડતાં દેખાશે. તમિલ ભાષામાં કંગુઆનો અર્થ આગ થાય છે .




# ફિલ્મોમાં સુંદરતાના માપદંડ સાવ પોકળઃ ભૂમિ પેડનેકર

એક્ટિંગ ઉપરાંત ફેશન ઈન્ડસ્ટ્રીમાં સક્રિય રહેનારી ભૂમિ પેડનેકરના ઓપિનિયન પણ ટ્રેન્ડથી અલગ રહેતા હોય છે. ભૂમિએ તાજેતરમાં એક ફેશન શો દરમિયાન જણાવ્યુ હતું કે, ફેશન અને બ્યુટી ઉપરાંત અનેક બાબતોમાં બેન્ચમાર્ક સેટ કરવામાં ફિલ્મો મહત્ત્વનો ભાગ ભજવે છે. સિનેમા સંખ્યાબંધ લોકોને પ્રભાવિત કરે છે. તેનો યોગ્ય રીતે ઉપયોગ થાય તો ઘણાં સકારાત્મક પરિણામ મળી શકે છે. જો કે વર્ષોથી ફિલ્મોમાં સુંદરતાના સાવ પોકળ અને અવાસ્તવિક માપદંડ રખાયા હોવાનું મારું માનવું છે. ભૂમિએ ફેશનને સેલ્ફ એક્સપ્રેશનનું માધ્યમ ગણાવી હતી. ફેશનના કારણે એમ્પાવરમેન્ટ થવું જોઈએ અને વ્યક્તિને મજા આવવી જોઈએ. ભૂમિ પેડનેકરે ૨૦૧૫ના વર્ષમાં 'દમ લગા કે હઈશા'થી બોલિવૂડમાં ડેબ્યુ કર્યુ હતું. વર્ષોની આ સફરમાં ફેશન અને બ્યૂટી બાબતે પોતાનો ટેસ્ટ બદલાયો હોવાનું ભૂમિએ સ્વીકાર્યુ હતું. ભૂમિએ કહ્યું હતું કે, સારો ટેસ્ટ ધરાવતા લોકોને મળવા માત્રથી પણ ઘણાં પરિવર્તન આવતાં હોય છે. ફેશનને સ્વીકારવામાં ક્યારેક શરમ નડી જતી હોય છે, પરંતુ આવી શરમ છોડી ફેશનને એન્જોય કરવી જોઈએ. ભૂમિ પેડનેકર સસ્ટેનેબલ ફેશન ઉપરાંત પર્યાવરણપ્રેમને પ્રમોટ કરતી હોય છે. ફેશન ઈન્ડસ્ટ્રીના કારણે સૌથી વધુ પ્રદૂષણ ફેલાતું હોવાથી આ ક્ષેત્રમાં સસ્ટેનેબલ ફેશનની જરૂર હોવાનું ભૂમિ માને છે. ભારતમાં સિલ્કથી માંડીને કોટન સુધી ઘણાં વિકલ્પ છે અને પર્યાવરણને હાનિ પહોંચાડ્યા વગર આવા વિકલ્પની પસંદ થવી જોઈએ. એક્ટિંગ ઉપરાંત ફેશન ઈન્ડસ્ટ્રીમાં સક્રિય રહેનારી ભૂમિ પેડનેકરના ઓપિનિયન પણ ટ્રેન્ડથી અલગ રહેતા હોય છે.




# શાહરૂખ પહેલી વખત બંને દિકરા આર્યન - અબ્રામ સાથે કામ કરશે

### 'મુફાસાઃ ધ લાયન કિંગ' માટે ખાસ કોલબરેશન

શાહરૂખ ખાન 'કિંગ'માં દિકરી સુહાના સાથે કામ કરવાનો હોવાનું જાહેર થયું હતું. હવે શાહરૂખ વધુ એક ખાસ પ્રોજેક્ટ પર કામ કરી રહ્યો છે. જેમાં તે પહેલી વખત તેના બંને દિકરા આર્યન અને અબ્રામ સાથે કામ કરવાનો છે. શાહરૂખ 'મુફાસા – ધ લાયન કિંગ'માં લાયન કિંગના પાત્ર માટે અવાજ આપવાનો છે. સાથે આર્યન અને અબ્રામ પણ આ ફિલ્મ માટે અવાજ આપવાના છે. તાજેતરમાં જ આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે, જેનાથી તેમના ફેન્સ ઘણા ઉત્સાહમાં છે. કારણ કે આ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અબ્રામનું ડેબ્યુ પણ છે. શાહરૂખે આ અંગે પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતા સોશિયલ મીડિયા પર પોસ્ટ પણ લખી હતી,“આ ડિઝની સાથે મારું ખાસ કોલબરેશન છે, ખાસ કરીને મારા બંને દિકરાઓને કારણે, આર્યન અને અબ્રામ પણ આ સફરનો એક ભાગ છે અને તેમની સાથે આ સુંદર અનુભવમાં સહભાગી થવું એ ખરેખર અતિશય અર્થપૂર્ણ અહેસાસ છે.” ૨૦૧૯માં લાઈવ એક્શન ફિલ્મ 'ધ લાયન કિંગ' પછી શાહરૂખ ખાન હવે મુફાસા તરીકે પાછો ફરશે, જે મૂળ જંગલ કિંગની જ વાર્તા છે. તેમાં આર્યન ખાન સિમ્બા અને અબ્રામ નાના મુફાસા માટે અવાજ આપશે.





## લોકોમાં ભયનો માહોલ

# મહારાષ્ટ્રમાં ભૂકંપના કારણે ધરતી ધ્રૂજી

। મુંબઇ,તા.૨ ।

આજે સવારે મહારાષ્ટ્રમાં ભૂકંપના આંચકાથી લોકો ભયભીત થઈ ગયા હતા. ૭ વાગે અચાનક ધરતી ધ્રૂજવા લાગી, જેના કારણે અરાજકતા ફેલાઈ ગઈ. નાંદેડ જિલ્લાના હદગાંવ શહેરના સાવરગાંવ ગામમાં ભૂકંપ આવ્યો હતો. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી અનુસાર, રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૩.૮ માપવામાં આવી હતી. ધરતીકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૫ કિલોમીટરની ઊંડાઈએ ૧૯.૩૮ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અને ૭૭.૪૬ ડિગ્રી પૂર્વ રેખાંશ પર હતું. જો કે હજુ સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી, પરંતુ લોકોમાં ભયનો માહોલ છે. છેલ્લા કેટલાક દિવસોથી પૃથ્વી પર ચાલી રહેલી હિલચાલને જોતા લોકોને પહેલાથી જ એલર્ટ રહેવાની સલાહ આપવામાં આવી હતી.અહેવાલો અનુસાર સોમવારે મધ્યપ્રદેશના સિવની જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રવિવારે મોડી રાત્રે અચાનક ધરતી ધ્રુજારીને કારણે લોકોમાં ગભરાટ ફેલાયો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૬ માપવામાં આવી હતી, પરંતુ તેના આંચકા એટલા જોરદાર હતા કે લોકો ઘરની બહાર નીકળી આવ્યા હતા. આ ભૂકંપનું કેન્દ્ર પૃથ્વીની સપાટીથી ૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. જોકે ભૂકંપને કારણે કોઈ નુકસાન થયું ન હતું.

### ભારે વરસાદને કારણે સમગ્ર શહેરમાં પાણી ભરાયા

# બેંગ્લોરમાં ભારે વરસાદને કારણે સ્થિતિ વણસી । રસ્તાઓ પર નૌકાઓ તરતી થઇ

**ભારે વરસાદને કારણે બેંગ્લોરમાં ઘણા રસ્તાઓ ઘૂંટણ ઊંડે પાણીથી ભરાઈ ગયા છે, જેના કારણે વાહનવ્યવહાર અને વાહનવ્યવહારને માઠી અસર થઈ**

। બેંગલુરુ, તા.૨૨ ।

ભારતની સિલિકોન વેલીની શેરીઓમાં બોટ સફર કરી રહી છે. વાસ્તવમાં ગઈકાલે રાત્રે પડેલા ભારે વરસાદને કારણે સમગ્ર શહેરમાં પાણી ભરાઈ જવાની સ્થિતિ સર્જાઈ છે. પાણી ભરાવાને કારણે ઘણા રસ્તાઓ બંધ છે અને વહીવટીતંત્રે લોકોને બચાવવા માટે રસ્તાઓ પર બોટ શરૂ કરી છે. સોશિયલ મીડિયા પર આ વિશે ઘણું કહેવામાં આવી રહ્યું છે અને લોકો નબળા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને લઈને પ્રશાસન પર પોતાનો ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે.ભારે વરસાદને કારણે બેંગ્લોરમાં ઘણા રસ્તાઓ ઘૂંટણ ઊંડે પાણીથી ભરાઈ ગયા છે, જેના કારણે વાહનવ્યવહાર અને વાહનવ્યવહારને માઠી અસર થઈ છે. બેંગ્લોર ટ્રાફિક પોલીસના નોર્થ ઈસ્ટર્ન ઝોનના એસીપીએ સોશિયલ મીડિયા પર એક પોસ્ટ




કરીને લોકોને કોગિલુ જંક્શનથી આઈએએફ તરફ જતો રસ્તો બંધ કરવાની જાણકારી આપી છે. તેમણે કહ્યું કે 'પાણી ભરાઈ જવાને કારણે રસ્તો બંધ છે અને ત્યાં રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.' સોમવારે બેંગ્લોરમાં એક ૫૬ વર્ષીય મહિલાનું ખુલ્લા મેનહોલમાં પડી જવાથી દુઃખદ અવસાન થયું હતું. વાસ્તવમાં, મહિલા તેના પતિ સાથે સ્કૂટર ચલાવી રહી હતી, તે દરમિયાન એક વાહને તેમના સ્કૂટરને ટક્કર મારી હતી અને ટક્કર થતાં મહિલા ખુલ્લા મેનહોલમાં પડી ગઈ હતી, જેના કારણે તેનું મોત થયું હતું.મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આજે સવાર સુધી બેંગ્લોરના ગ્રામીણ વિસ્તારોમાં ૧૭૬ મીમી વરસાદ પડ્યો છે. જ્યારે બેંગ્લોર શહેરી વિસ્તારમાં ૧૫૭ મીમી વરસાદ નોંધાયો છે. વરસાદને કારણે શહેરમાં સામાન્ય જનજીવન ખોરવાયું છે. લોકોએ સોશિયલ મીડિયા પર આ અંગે નારાજગી વ્યક્ત કરી હતી અને ગ્રેટર બેંગ્લોર મ્યુનિસિપલ કોર્પોરેશન અને રાજ્ય સરકાર પ્રત્યે તેમની નારાજગી વ્યક્ત કરી હતી. લોકોએ શહેરના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પ્રશ્નો ઉઠાવ્યા. ભારે વરસાદના કારણે બેંગલુરુમાં ફ્લાઈટ સેવા પણ પ્રભાવિત થઈ હતી. સોમવારે રાત્રે ૨૦ થી વધુ ફ્લાઈટ સેવાઓ મોડી પડી હતી. ભારે વરસાદને કારણે એર ઈન્ડિયાની ફ્લાઈટ અને દિલ્હીથી ઈન્ડિગોની ચાર ફ્લાઈટ ચેન્નાઈ ડાયવર્ટ કરવામાં આવી હતી. ભારે વરસાદ અને પાણી ભરાવાને કારણે શહેરમાં શાળાઓ બંધ રાખવામાં આવી છે.

## વિમાનમાં બૉંબની અફવા ફેલાવનારને આજીવન કારાવાસની સજાની વિચારણા

। નવી દિલ્હી, તા.૨૨ ।

દેશમાં સમયાંતરે વિમાનમાં બૉંબ હોવાની ધમકી મળતી રહે છે. આ પ્રકારની ધમકીને કારણે એરપ ોર્ટ ઓથોરિટીને ખૂબ પરેશાનીનો સામનો કરવો પડે છે. અનેક વાર ફ્લાઈટ્સની ઈમરજન્સી લેન્ડિંગ કરાવીને ચેકિંગ થાય છે, તો ક્યારેક ફ્લાઈટ્સના ટેકઓફ પહેલા જ કલાકો સુધી તપાસ થાય છે. હવે બૉંબની ધમકી જેવા મામલામાં કેન્દ્ર સરકારે આકરુ વલણ અપનાવ્યું છે. સોમવારે કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી રામ મોહન નાયડુએ કહ્યું કે અફવા ફેલાવતા લોકો સામે આકરી કાર્યવાહી કરવા અંગે વિચારણા કરાઈ રહી છે. આ પ્રકારના મામલાને નોંધપાત્ર ગુનો ગણવામાં આવે. આ ઉપરાંત, આ પ્રકારની ધમકી આપ નારને નો-ફ્લાય લિસ્ટમાં મુકવામાં આવે, એટલે કે તેમના પર ઉડાણ ભરવા પર હંમેશા પ્રતિબંધ મુકવામાં આવે.આ સાથે કેન્દ્રીય નાગરિક ઉડ્ડનય મંત્રીએ એમ પણ કહ્યું કે, એક કાયદો બનાવવો જોઈએ, જેમાં અફવા ફેલાવતા લોકોને આજીવન કેદની સજા જોગવાઈ કરવામાં આવે.

## ભારતીય નૌકાદળની તાકાત વધી, ભારતે લોન્ચ કરી પોતાની ચોથી ન્યુક્લિયર સબમરીન

। વિશાખાપટ્ટનમ, તા.૨૨ ।

ભારતે તેના વિરોધીઓ સામે તેના પરમાણુ પ્રતિરોધને મજબૂત કરવા વિશાખાપટ્ટનમમાં શિપ બિલ્ડિંગ સેન્ટર ખાતે તેની ચોથી પરમાણુ સંચાલિત બેલિસ્ટિક મિસાઈલ સબમરીન લોન્ચ કરી છે. જાણકારી અનુસાર, ૧૬ ઓક્ટોબરે રક્ષા મંત્રી રાજનાથ સિંહે તેને વિશાખાપટ્ટનમના શિપ બિલ્ડિંગ સેન્ટરમાં લોન્ચ કર્યું હતું. આમાંથી ૭૫% માલ ભારતમાં બને છે. તેનું કોડ નેમ કોડનેમ જી૪ છે. તે ૫ ંત્રીસસો કિલોમીટરની રેન્જ સાથે ન્યુક્લિયર બેલેસ્ટિક મિસાઈલથી સજ્જ છે.નેવીની એસ ૪ સબમરીન ૩,૫૦૦ કિમીની રેન્જ સાથે કે-૪ પરમાણુ બેલેસ્ટિક મિસાઈલોથી સજ્જ છે. જેને વર્ટિકલ લોન્ચિંગ સિસ્ટમ દ્વારા ફાયર કરી શકાય છે. જ્યારે આઈએનએસ અરિહંત, તેની પ્રથમ શ્રેણી, ૭૫૦ કિમીની રેન્જ સાથે કે-૧૫ પરમાણુ મિસાઈલ લઈ શકે છે.આઈએનએસ અરિહંત અને આઈએનએસ અરિઘાટ બંને પહેલાથી જ ઊંડા સમુદ્રમાં પ ેટ્રોલિંગ કરી રહ્યા છે.રાષ્ટ્રીય સુરક્ષા આયોજકોએ ભારતની પ્રથમ પરમાણુ સબમરીન આઈએનએસ ચક્રને એસ-૧,આઈએનએસ અરિહંતને એસ-૨ આઈએનએસ અરિઘાટને એસ-૩ આઈએનએસ અરિધમાનને એસ ૪ નામ આપ્યું છે

### તાઈવાન તેનો ભાગ હોવાનો ચીને દાવો કર્યો

# નેપાળમાં ચીન વિરોધી ગતિવિધિ ચલાવી નહીં લેવાય : પીએમ ઓલી

**ચીનની વિસ્તારવાદી નીતિ ચરમસીમાએ છે । બેઠક દરમિયાન ઓલીએ નેપાળના આર્થિક વિકાસ માટે ચીનના સતત સમર્થનની આશા પણ વ્યક્ત કરી હતી**

। કાઠમાડું, તા.૨૨ ।

ચીનની વિસ્તારવાદી નીતિ ચરમસીમાએ છે. હવે તેમાં નેપાળે પણ સૂર મિલ્વ્યા છે. નેપાળના વડાપ્રધાન કે. પી. શર્મા ઓલીએ કહ્યું હતું કે દેશમાં ચીન વિરોધી ગતિવિધિઓને મંજૂરી આપવામાં આવશે નહીં અને તે 'વન ચાઈના' નીતિનું સમર્થન કરે છે. ઓલીએ કમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ચાઈના સેન્ટ્રલ કમિટીના સભ્ય ચેન જિનિંગના નેતૃત્વમાં ઉચ્ચ સ્તરીય ચીની પ્રતિનિધિમંડળ સાથેની બેઠકમાં આ ટિપ્પણી કરી હતી. આ બેઠક કાઠમંડુના બાલુવાતારમાં તેમના સત્તાવાર નિવાસસ્થાને મળી હતી. 'વન ચાઈના' નીતિ પ્રત્યે નેપ ાળની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરતા ઓલીએ પ્રતિનિધિમંડળને કહ્યું હતું કે નેપાળની સરહદમાં ચીન વિરોધી



પ્રવૃત્તિને મંજૂરી આપવામાં આવશે નહીં. બીજી તરફ, ચીને દાવો કર્યો છે કે તાઈવાન તેનો ભાગ છે અને ચીન સાથે રાજદ્વારી સંબંધો ધરાવતા તમામ દેશો માટે 'વન ચાઈના' નીતિનું પાલન કરવું ફરજિયાત છે.બેઠક દરમિયાન ઓલીએ નેપ ાળના આર્થિક વિકાસ માટે ચીનના સતત સમર્થનની આશા પણ વ્યક્ત કરી હતી. વડાપ્રધાનના સચિવાલયના જણાવ્યા અનુસાર, દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા અને કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ચાઈના અને કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ નેપાળ (યુનિફાઈડ માર્ક્સિસ્ટ-લેનિનિસ્ટ) પક્ષો વચ્ચે સહયોગ વધારવા પર પણ વાતચીત થઈ હતી. ઓલી સીપીએનના પ્રમુખ છે અને તેમને ચીન તરફી નેતા તરીકે જોવામાં આવી રહ્યા છે. ચીનની વિસ્તારવાદી નીતિ ચરમસીમાએ છે.

**બેના મોત, ૯ કર્મચારીઓની હાલત ગંભીર**

## મધ્યપ્રદેશમાં જબલપુરની ઓર્ડિનન્સ ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ

**મૃત્યુઆંક વધી શકે છે, હાલ રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે**

। જબલપુર, તા.૨૨ ।

મધ્યપ્રદેશના જબલપ ુરમાં એક ઓર્ડિનન્સ ફેક્ટરીમાં (હથિયાર બનાવતી કંપની) જોરદાર વિસ્ફોટ થયો છે. જિલ્લાના ખમરિયામાં આવેલી ઓર્ડિનન્સ ફેક્ટરીમાં બ્લાસ્ટ થતાં બે કર્મચારીઓના મોત થયા છે જ્યારે ૯ કર્મચારીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે. મળતી માહિતી મુજબ, આ બ્લાસ્ટ કંપનીના એફ૬ સેક્શનમાં થયો હતો. વિસ્ફોટ એટલો જોરદાર હતો કે ઈમારતનો એક ભાગ ધરાશાયી થઈ ગયો. ઘણા કર્મચારીઓ કાટમાળ નીચે દટાયા હોવાના અહેવાલ છે. મૃત્યુઆંક વધી શકે છે. હાલ રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે.મળતી માહિતી મુજબ વિસ્ફોટમાં ઈમારતનો એક ભાગ ધરાશાયી થઈ ગયો અને હજુ પણ ઘણા કામદારો કાટમાળ નીચે ફસાયેલા હોવાના અહેવાલ છે. વહીવટીતંત્ર અસરગ્રસ્ત લોકોની ઓળખ અને મદદ માટે બચાવ કામગીરી હાથ ધરી રહ્યું છે. આ દુઃખદ અકસ્માતમાં બે કામદારોના મોતની પુષ્ટિ થઈ છે અને અન્ય નવને ગંભીર ઈજાઓ થતાં સારવાર આપવામાં આવી રહી છે. ઈમરજન્સી ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. વિસ્ફોટનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી.અધિકારીઓએ જણાવ્યું કે વિસ્ફોટ મંગળવારે સવારે ખમરિયામાં સેન્ટ્રલ સિક્યોરિટી ઈન્સ્ટિટ્યૂટ ઓર્ડનન્સ ફેક્ટરીમાં થયો હતો. અહીં બોમ્બ અને વિસ્ફોટક વસ્તુઓ બનાવવામાં આવે છે. તેમણે કહ્યું કે ઘાયલોને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

## ન્યૂઝ બ્રિફ



### રાજ શેખાવતે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું એન્કાઉન્ટર કરનારને ૧ કરોડ આપવાની જાહેરાત કરી

। જયપુર, તા.૨૨ ।

ક્ષત્રિય કરણી સેના પરિવારના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજ શેખાવત ઉર્ફે રાજેન્દ્ર શેખાવતે ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો સામનો કરનાર વ્યક્તિને ૧ કરોડ રૂપિયા આપવાની જાહેરાત કરી છે. રાજ શેખાવતનો એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં તેઓ કહી રહ્યા છે કે લોરેન્સ બિશ્નોઈનું એન્કાઉન્ટર કરનાર પોલીસકર્મીને તેઓ ૧ કરોડ ૧૧ લાખ ૧૧ હજાર ૧૧૧ રૂપિયાનું ઈનામ આપશે. રાજ શેખાવતે એમ પણ કહ્યું કે તે પ ોલીસકર્મીની સુરક્ષાની જવાબદારી પણ અમારી રહેશે.રાજ શેખાવત ઉર્ફે રાજેન્દ્ર શેખાવત ક્ષત્રિય કરણી સેના પરિવારના રાષ્ટ્રીય અધ્યક્ષ છે. તેમણે વર્ષ ૨૦૨૪માં રાજસ્થાનની ઝુંઝુનુ લોકસભા બેઠક પરથી અપક્ષ તરીકે ચૂંટણી લડી હતી. ત્યારબાદ રાજ શેખાવતને ૭૬૯૦ વોટ મળ્યા હતા.

### પાકિસ્તાનમાં એક યુવકે તેની માતા અને અન્ય 3 મહિલાઓની હત્યા કરી

। કરાચી, તા.૨૨ ।

પાકિસ્તાનમાં એક યુવકે સોશિયલ મીડિયાનો ઉપયોગ કરવા બદલ તેની માતા અને બહેન સહિત તેના પરિવારની ચાર મહિલા સભ્યોની કથિત રીતે હત્યા કરી હતી. પોલીસે જણાવ્યું કે આરોપી બિલાલ અહેમદની ધરપકડ કરીને સોમવારે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો, જ્યાંથી તેને પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો. કોર્ટમાં સુનાવણી દરમિયાન બિલાલે કહ્યું કે તેણે તેની માતા, બહેન, ભત્રીજી અને ભાભીનું ગળું કાપી નાખ્યું કારણ કે તેમની ઉદાર જીવનશૈલીએ તેનું લગ્ન જીવન બરબાદ કરી દીધું હતું અને તેઓ હંમેશા તેને ટોણા મારતા હતા.આ કેસની તપાસ કરી રહેલા પોલીસ અધિકારી શૌકત અવાને જણાવ્યું હતું કે, "આ સ્પષ્ટ કેસ છે કે બિલાલ માનસિક રીતે અસ્થિર અને અતિ રૂઢિચુસ્ત છે." અવાને કહ્યું, "તપાસ દરમિયાન એવું બહાર આવ્યું છે કે બિલાલ આ મહિલાઓ સાથે દરરોજ ઝઘડા કરતો હતો અને તેણે તેમને અને તેમની ઉદાર જીવનશૈલી માટે તેની પત્ની તેને છોડી દીધી હતી.

## મંદિરોમાં લાઉડસ્પીકર અવાજ પ્રદૂષણનું કારણ બને છે,આઇએએસ શૈલબાલાના ટ્વિટ પર હંગામો

। ભોપાલ, તા.૨૨ ।

આ દિવસોમાં, મધ્યપ્રદેશમાં મંદિરોમાં વગાડતા લાઉડસ્પીકરને લઈને જોરદાર ચર્ચા ચાલી રહી છે. રાજ્યના પ્રખ્યાત આઈએએસ ઓફિસર શૈલબાલા માર્ટિને ૮ પર કરેલી પોસ્ટ બાદ વિવાદ સર્જાયો છે. શૈલબાલા મધ્યપ્રદેશ કેડરની ૨૦૦૯ બેચની આઈએએસ અધિકારી છે. હાલમાં તેઓ પ બ્લિક એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ એટલે કે જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટમાં એડિશનલ સેક્રેટરી તરીકે પોસ્ટેડ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર મંદિરો અને મસ્જિદો બંનેમાં લાઉડસ્પીકરના ઉપયોગ પર પ્રશ્નો ઉઠાવ્યા બાદ તે સમાચારમાં હતો.

## બ્રિક્સને તેનો ભૌગોલિક રાજનૈતિક હરીફ નથી માનતો : અમેરિકા

। વોશિંગ્ટન, તા.૨૨ ।

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કારેન જીન-પિયરે કહ્યું છે કે યુ.એસ. સામાન્ય લક્ષ્યો હાંસલ કરવા માટે વિશ્વભરના ભાગીદારો સાથે કામ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને યુએસ બ્રિક્સને કોઈપણ ભૌગોલિક રાજનીતિક હરીફ તરીકે વિકસિત થતું જોતું નથી. પિયરે કહ્યું કે યુએસ તેના ભાગીદારો જેમ કે ભારત, દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલ સાથે કામ કરવાનું ચાલુ રાખશે. અમેરિકાનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે રશિયામાં ૨૨ ઓક્ટોબરથી ૧૬મી બ્રિક્સ સંમેલન યોજાઈ રહી છે. આ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ રશિયા પ હોંચી રહ્યા છે.બ્રિક્સ સંમેલન અંગે વ્હાઈટ હાઉસના પ્રવક્તા જીન પિ યરને પૂછવામાં આવ્યું કે શું બિડેન સરકાર ચિંતિત છે કે બ્રિક્સ દેશો અમેરિકાની આર્થિક તાકાતને નબળી બનાવી શકે છે? આના પર જીન પિ યરે કહ્યું, 'અમે વિશ્વભરના પાર્ટનર દેશો સાથે કામ કરવા અને સામાન્ય લક્ષ્યોને પ્રાપ્ત કરવા માટે મજબૂત સંબંધો બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છીએ. અમે બ્રિક્સને ભૌગોલિક રાજકીય હરીફ તરીકે વિકાસ કરતા જોતા નથી.


**કેસની સુનાવણી વખતે અદાલતનું કડક વલણ** | **સુનાવણી વખતે એવું ન થઇ શકે કે અચાનક કોઇ ઘટના બને અને તમામ લોકોને નિયમોની જાણકારી મળી જાય**

# દેશભરનાં કોચિંગ સેન્ટર્સ માટે સમાન નિયમ બનાવો : સુપ્રીમ

। નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દેશભરના તમામ કોચિંગ સેન્ટર્સ માટે સમાન નિયમ બનાવવા જરૂરી છે. કોર્ટે દિલ્હીના આઈએએસ કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં થોડા સમય પહેલાં પાણી ભરાવાથી મૃત્યુ પામેલા ત્રણ વિદ્યાર્થી અંગેના કેસની સુનાવણી કરતી વખતે આવી ટિપ્પણી કરી હતી. જજ સૂર્યકાંત અને જજ ઉજ્જવલ ભુયાનની બેન્ચે જણાવ્યું હતું કે, "સુનાવણી વખતે એવું ન થઈ શકે કે અચાનક કોઈ ઘટના બને અને તમામ લોકોને નિયમોની જાણકારી





મળી જાય. એટલે આ મુદ્દે સમાન નિયમ તૈયાર કરવા જરૂરી છે." કોર્ટની એમિકસ ક્યુરે તરીકે મદદ કરી રહેલા સિનિયર એડવોકેટ સિદ્ધાર્થ દવેએ ધ્યાન આપવા જેવી બાબતો અંગે માહિતી આપી હતી. તેમણે કોચિંગ સેન્ટર્સ માટે ફાયર સેફ્ટી, ફીના નિયમ, વર્ગના વિસ્તારના પ્રમાણમાં વિદ્યાર્થીઓની સંખ્યા, વિદ્યાર્થીઓની સંખ્યા અને શિક્ષકોનો રેશિયો, સીસીટીવીનું ઈન્સ્ટોલેશન, મેડિકલ સુવિધા, માનસિક આરોગ્યની જાળવણી તેમજ કાઉન્સેલિંગ સહિતની બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે સોમવારે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને દેશભરના તમામ કોચિંગ સેન્ટર્સ માટે સમાન નિયમ બનાવવા જરૂરી છે.કોર્ટે દિલ્હીના આઈએએસ કોચિંગ સેન્ટરના બેઝમેન્ટમાં થોડા સમય પહેલાં પાણી ભરાવાથી મૃત્યુ પામેલા ત્રણ વિદ્યાર્થી અંગેના કેસની સુનાવણી કરતી વખતે આવી ટિપ્પણી કરી હતી.

ગોધરા રમખાણો પરની

# બીબીસીની ફિલ્મ ઉપર પ્રતિબંધના મૂળ દસ્તાવેજો રજૂ કરો : સુપ્રીમ

## સરકારે આ દસ્તાવેજી ફિલ્મ પર પ્રતિબંધ મુકવા માટે આઈટી એક્ટ, ૨૦૨૧ની ઈમરજન્સી સત્તાનો ઉપયોગ કર્યો છે

। નવી દિલ્હી, તા.૨૨ ।

સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ગોધરાના રમખાણો પર બીબીસીએ બનાવેલી દસ્તાવેજી ફિલ્મ પર પ્રતિબંધ મુકવાના નિર્ણય અંગેના ઓરિજનલ રેકોર્ડ ત્રણ સપ્તાહમાં રજૂ કરવા આદેશ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે, ૨૦૦૨માં ગુજરાતના ગોધરા ખાતે ૫૭ જેટલાં કારસેવકોને ટ્રેનમાં જીવતાં જલાવી દેવાની નૃશંસ ઘટના બાદ સમગ્ર રાજ્યમાં ફાટી નીકળેલાં કોમી રમખાણો પર બ્રિટિશ મીડિયા કંપની બીબીસીએ બે ભાગમાં બનાવેલી દસ્તાવેજી ફિલ્મ 'ઈન્ડિયાઃ ધ મોદી ક્વેશ્ચન' પર કેન્દ્ર સરકારે ૨૦૨૩માં પ્રતિબંધ મુક્યો હતો. પત્રકાર એન. રામ, તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રા તથા વકીલ પ્રશાંત ભૂષણ અને વકીલ એમ.એલ. શર્મા દ્વારા બીબીસીની દસ્તાવેજી ફિલ્મ પર પ્રતિબંધ મુકવાના સરકારના નિર્ણયને પડકારતી એક અરજીમાં જસ્ટિસ સંજીવ ખન્ના તથા સંજય કુમારની બેન્ચે કેન્દ્ર સરકારને ત્રણ સપ્તાહમાં બીબીસીની ડોક્યુમેન્ટરી પર પ્રતિબંધ મુકવાના નિર્ણય સાથે સંકળાયેલા મૂળ દસ્તાવેજો રજૂ કરવા જણાવ્યું છે. બેન્ચે અરજદારોને ત્યારબાદના બે સપ્તાહમાં રિજોઈન્ડર એફિડેવિટ ફાઈલ કરવાનો સમય આપી આ મામલાની અંતિમ સુનાવણી જાન્યુઆરી, ૨૦૨૫ સુધી મુલતવી રાખી છે. બેન્ચે જણાવ્યું હતું કે, આ મામલાની ૧૦ મિનિટમાં પતાવટ શક્ય નથી, તેની પર ચર્ચા જરૂરી છે.સરકાર તરફથી ઉપસ્થિત રહેલાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અદાલતને જણાવ્યું હતું કે, સરકારે આ મામલે હજી પોતાનો જવાબ ફાઈલ નથી કર્યો અને તે માટે તેમને બે સપ્તાહનો સમય જોઈશે. જોકે અરજદારો તરફથી ઉપસ્થિત વકીલ સી.યુ. સિંઘે મહેતાની વિનંતીનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે, સરકારને જાણ હોવા છતાં તેણે આ મામલે જવાબ રજૂ કર્યો નથી.

દક્ષિણ ભારતના ૪ રાજ્યોમાં ૧૦૦થી ૧૨૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવવાનું એલર્ટ જાહેર

# બંગાળની ખાડીમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન છાપરા ઉડી જાય એવું આંધી-વંટોળ આવશે!

## ભારે વરસાદના પણ એંધાણ । આવામાં લોકોને ઘરોની અંદર રહેવાની સલાહ આપવામાં આવી । હવામાન ખરાબ હોવાના કારણે શાળા-કોલેજો બંધ રાખવામાં આવી શકે

। નવીદિલ્હી, તા.૨૨ ।



એકવાર ફરીથી ચક્રવાતી તોફાનનો ખતરો તોળાઈ રહ્યો છે. દક્ષિણ પશ્ચિમ મોનસૂન વિદાય થઈ ગયું છે અને ઉત્તર પૂર્વી મોનસૂન એક્ટિવ થઈ ગયું છે. જેના પગલે બંગાળની ખાડી અને આંદમાન સાગરમાં સાઈક્લોનિક સર્ક્યુલેશનની સાથે લો પ્રેશરવાળો એરિયા બનવાથી ચક્રવાતી તોફાન દાના સક્રિય થયું છે. આ તોફાન ૨૩-૨૪ ઓક્ટોબરના રોજ દરિયા કાંઠે અથડાય તેવી સંભાવના છે.સમુદ્રી તોફાનને જોતા હવામાન વિભાગે દક્ષિણ ભારતના ૪ રાજ્યોમાં ૧૦૦થી ૧૨૦ કિલોમીટરની ઝડપે પવન ફૂંકાવવાનું એલર્ટ જાહેર કર્યું છે. ભારે વરસાદના પણ એંધાણ છે. આવામાં લોકોને ઘરોની અંદર રહેવાની સલાહ આપવામાં આવી છે. હવામાન ખરાબ હોવાના કારણે શાળા-કોલેજો બંધ રાખવામાં આવી શકે છે. વર્ક ફ્રોમ હોમના આદેશ પણ અપાઈ શકે. હવામાન વિભાગે તામિલનાડુ, આંધ્રપ્રદેશ, પુડુચેરી, કર્ણાટકમાં ૨૬ ઓક્ટોબરે ભારે વરસાદની ચેતવણી આપી છે. આ ૪ રાજ્યોના હવામાનની અસર ગોવા, મહારાષ્ટ્ર, છત્તીસગઢમાં પણ જોવા મળશે. જ્યાં હળવોથી મધ્યમ વરસાદ પડશે. ભારતીય હવામાન વિભાગે માછીમારોને સલામત રહેવાની સલાહ આપતા ૨૨ થી ૨૬ ઓક્ટોબર સુધી દરિયામાં જવા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે.હવામાન વિભાગના જણાવ્યાં મુજબ ઉત્તરી આંદમાન સાગરમાં સાઈક્લોનિક સર્ક્યુલેશન બનવાથી મધ્ય પૂર્વી બંગાળની ખાડીમાં લો પ્રેશર એરિયા બનવાની શક્યતા છે. આ લો પ્રેશરવાળો એરિયા ૨૩ ઓક્ટોબરની સવારે પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીમાં જશે અને ૨૪ ઓક્ટોબરની સવાર સુધીમાં મધ્ય પૂર્વ બંગાળની ખાડીમાં ચક્રવાતી તોફાન દાના એક્ટિવ થઈ જશે. દાના તોફાન ઉત્તર-પશ્ચિમ તરફ જતા ૨૪ ઓક્ટોબરની સવાર સુધીમાં ઓડિશા અને પશ્ચિમ બંગાળના સમુદ્રમાં પહોંચશે. ચક્રવાત બનાવતા ઉત્તરી તમિલનાડુ અને દક્ષિણી આંધ્ર પ્રદેશના સમુદ્રી તટને પણ કવર કરશે.

## ન્યૂઝ બ્રિફ



બંનેએ ઓગસ્ટ ૨૦૨૪માં સગાઈ કરી હતી, લગ્ન તૈયારીઓ જોરશોરમાં

### સાઉથ સ્ટાર નાગા ચૈતન્યના લગ્નના ફંક્શન થયા શરૂ

। મુંબઇ, તા.૨૨ ।

સાઉથ સ્ટાર્સ શોભિતા ધુલીપાલા અને નાગા ચૈતન્ય લગ્ન કરવા જઈ રહ્યા છે. બંનેએ ઓગસ્ટ ૨૦૨૪માં સગાઈ કરી હતી, જેની તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી તો બધા ચોંકી ગયા હતા. ત્યારે હવે અભિનેત્રીએ પ્રી-વેડિંગ સેરેમનીની ઝલક શેર કરી છે. શોભિતાએ જે ફોટોઝ શેર કર્યા છે, તે પસુપુ દંચતમ (હલ્દી સેરેમની)ના છે. આ પોસ્ટ પર યુઝર્સ ઘણો પ્રેમ વરસાવી રહ્યા છે.અભિનેત્રી દક્ષિણ ભારતીય શૈલીમાં વિધિ કરતી જોવા મળી રહી છે.તસવીરોમાં અભિનેત્રી હલ્દી પકડેલી જોવા મળી રહી છે. તે પરિવારના અન્ય સભ્યો સાથે ધાર્મિક વિધિ કરતી જોવા મળે છે. શોભિતાએ આ તસવીરો સાથે કેપ્શન લખ્યું, 'ગોધુમા રાયી પસુપુ અનુષ્ઠાન, અને આખરે આની શરૂઆત થઈ ગઈ.' અભિનેત્રીની આ પોસ્ટ પર ઘણા લોકો પ્રતિક્રિયા આપી રહ્યા છે. એક યુઝરે લખ્યું, 'સદા સૌભાગ્યવતી રહો.'



### કંગુવા ના પ્રમોશન માટે દિલ્હી પહોંચ્યા દિશા પટણી

। મુંબઇ, તા.૨૨ ।

'કંગુવા' આ વર્ષની મોસ્ટ અવેટેડ ફિલ્મોમાંથી એક છે. ચાહકો આ ફિલ્મની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. આ વખતે ફિલ્મમાં સાઉથનો સુપરસ્ટાર સૂર્યા એકદમ અલગ અંદાજમાં જોવા મળશે. જોકે ચાહકો ફિલ્મના ધીમા પ્રમોશનને લઈને ફરિયાદ કરી રહ્યા હતા, પરંતુ હવે આ આગામી ફિલ્મનું પ્રમોશન પૂરજોશમાં શરૂ થઈ ગયું છે. ફિલ્મનું પ્રમોશન મોટા પાયે શરૂ કરી દેવામાં આવ્યું છે. મુંબઈમાં પ્રમોશનની રોમાંચક શરૂઆત પછી, ફિલ્મની ટીમ દિલ્હી પહોંચી, જ્યાં ચાહકો દ્વારા તેમનું આકર્ષક સ્વાગત કરવામાં આવ્યું.'કંગુવા'માં સૂર્યા ઉપરાંત બોલિવૂડ અભિનેતા બોબી દેઓલ અને દિશા પટણી પણ મહત્વની ભૂમિકામાં જોવા મળશે. આજે, ૨૧ ઓક્ટોબરના રોજ, ફિલ્મના ત્રણ મુખ્ય કલાકારો તેમની ફિલ્મના પ્રમોશન માટે દિલ્હી પહોંચ્યા, જ્યાં તેઓએ એક જાહેર કાર્યક્રમ દરમિયાન ચાહકો સાથે વાતચીત કરી. ફિલ્મની ટીમને દિલ્હીમાં ચાહકો તરફથી ખૂબ જ સારો પ્રતિસાદ મળ્યો છે.

## કમલા હેરિસને મોટો ફટકો, તાજેતરના ચૂંટણી સર્વેમાં પ્રથમ વખત ડોનાલ્ડ ટ્રમ્પ આગળ

। વોશિંગ્ટન, તા.૨૨ ।

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીને આડે માત્ર બે અઠવાડિયા બાકી છે અને ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર કમલા હેરિસને મોટો ઝટકો લાગ્યો છે. તાજેતરના ચૂંટણી સર્વેમાં પ્રથમ વખત રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે આઉટગોઇંગ વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસને પાછળ છોડી દીધા છે. અમેરિકામાં ૫ નવેમ્બરે રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવાની છે. ડિસિઝન ડેસ્ક હિલના તાજેતરના સર્વે અનુસાર, રાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીતના મામલે ડોનાલ્ડ ટ્રમ્પ હવે કમલા હેરિસ કરતા ૪ ટકા આગળ છે. ડોનાલ્ડ ટ્રમ્પની જીતની આગાહી હવે ૫૨ ટકા છે, જ્યારે કમલા હેરિસની જીતની સંભાવના હવે માત્ર ૪૮ ટકા છે.ડિસિઝન ડેસ્કે કહ્યું કે અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણીની રેસમાં ટ્રમ્પ કમલા હેરિસ કરતાં 'થોડા' આગળ હોવા છતાં પરિણામ હજુ સ્પષ્ટ નથી. આ વખતે રાષ્ટ્રપતિ કોણ બનશે તે અમેરિકાના સ્વિંગ સ્ટેટ્સ નક્કી કરશે. ટ્રમ્પને વિસ્કોન્સિન અને મિશિગનમાં લીડ મળી રહી હોય તેવું લાગી રહ્યું છે. ઉપરાંત એરિઝોના, જ્યોર્જિયા અને નોર્થ કેરોલિનામાં ટ્રમ્પની અગાઉની લીડ યથાવત છે.

સાક્ષી મલિકનો બબીતા ફોગાટ પર દાવો

## ડબ્લ્યુએફઆઇ ચીફ બનવા માગતી હતી, તેણે કુસ્તીબાજોને વિરોધ કરવા ઉશ્કેર્યા

### બજરંગ અને વિનેશના નજીકના લોકોએ તેમના મનમાં લોભ ભરવાનું શરૂ કર્યું, ત્યારે તેમના વિરોધમાં તિરાડો દેખાવા લાગી

। નવીદિલ્હી, તા.૨૨ ।

ઓલિમ્પિક બ્રોન્ઝ મેડલ વિજેતા ભૂતપૂર્વ કુસ્તીબાજ સાક્ષી મલિકે જણાવ્યું હતું કે વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાના ગયા વર્ષે એશિયન ગેમ્સના ટ્રાયલમાંથી નાપસંદ કરવાના નિર્ણયથી બ્રિજભૂષણ શરણ સિંહ સામેના તેમના વિરોધની છબીને અસર થઈ હતી કારણ કે તેનાથી ઝુંબેશ સ્વાર્થી દેખાતી હતી. સાક્ષી આ વિરોધના ત્રણ મુખ્ય કુસ્તીબાજોમાંની એક હતી. આ ઉપરાંત તેણે તાજેતરમાં જ રિલીઝ થયેલી તેની બુક 'વિટનેસ'માં પોતાની કારકિર્દીના સંઘર્ષ વિશે પણ લખ્યું છે. તેણે આમાં કહ્યું કે જ્યારે બજરંગ અને વિનેશના નજીકના લોકોએ તેમના મનમાં લોભ ભરવાનું શરૂ કર્યું, ત્યારે તેમના વિરોધમાં તિરાડો દેખાવા લાગી. એટલું જ નહીં, પુસ્તકમાં, તેની કારકિર્દીના પ્રારંભિક સંઘર્ષો સિવાય, સાક્ષીએ ભૂતપૂર્વ કુસ્તીબાજ અને ભાજપ નેતા બબીતા ફોગાટ પર તેના પોતાના સ્વાર્થ હેતુ માટે વિરોધનો લાભ લેવાનો પણ આરોપ લગાવ્યો છે.સાક્ષી, બજરંગ અને વિનેશે ત્રણેય રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના ભૂતપૂર્વ વડા બ્રિજભૂષણ શરણ સિંહ પર તેમના કાર્યકાળ દરમિયાન મહિલા કુસ્તીબાજોનું જાતીય સતામણી કરવાનો આરોપ લગાવ્યો હતો અને આ કેસ દિલ્હીની કોર્ટમાં ચાલી રહ્યો છે.ડબ્લ્યુએફઆઈના સસ્પેન્શન પછી, કુસ્તીની કામગીરી સંભાળનાર એડ-હોક સમિતિએ ૨૦૨૩ એશિયન ગેમ્સના ટ્રાયલ માટે બજરંગ અને વિનેશને મુક્તિ આપી, પરંતુ સાક્ષીએ તેના સાથીદારોના સૂચન છતાં તેમ ન કરવાનું નક્કી કર્યું.

વધેલી કિંમતો આજથી ૨૨ ઓક્ટોબરથી લાગુ થશે

# દેશમાં વધી રહેલી મોંઘવારીની અસર હવે 'ભારત' બ્રાન્ડના લોટ, ચોખા અને દાળ પર પડવા લાગી

### એનસીસીએફની વાન ૪ રાજ્યોમાં નવા દરે લોટ, દાળ અને ચોખાનું વેચાણ કરશે । આ પછી, ત્રણેય વસ્તુઓ આગામી ૧૦ દિવસમાં દેશભરમાં નવા દરે વેચવામાં આવશે

। નવીદિલ્હી, તા.૨૨ ।




દેશમાં વધી રહેલી મોંઘવારીની અસર હવે 'ભારત' બ્રાન્ડના લોટ, ચોખા અને દાળ પર પડવા લાગી છે. હા, સરકારે આ ત્રણેય ઉત્પાદનોના દરમાં વધારો કર્યો છે. વધેલી કિંમતો આજથી ૨૨ ઓક્ટોબરથી લાગુ થશે અને આ ત્રણ વસ્તુઓ આવતીકાલથી વધેલા દરે ઉપલબ્ધ થશે. સેન્ટ્રલ કન્ઝ્યુમર અફેર્સ સાથે સંકળાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર, આજે સરકારે ભારત બ્રાન્ડ ફેઝ-૨ લોન્ચ કર્યો છે. આ બીજા તબક્કા હેઠળ સરકારી લોટ, દાળ અને ચોખાના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.સરકાર સહકારી મંડળીઓ એનએએફઈડી,એનસીસીએફઅને કેન્દ્રીય ભંડાર દ્વારા લોકોને બજાર કરતાં સસ્તા દરે લોટ, કઠોળ અને ચોખા પૂરા પાડે છે. ફેઝ-૨ની શરૂઆતમાં,એનસીસીએફની વાન ૪ રાજ્યોમાં નવા દરે લોટ, દાળ અને ચોખાનું વેચાણ કરશે. આ પછી, ત્રણેય વસ્તુઓ આગામી ૧૦ દિવસમાં દેશભરમાં નવા દરે વેચવામાં આવશે. આ વાનમાંથી લોકો સસ્તામાં ડુંગળી અને ટામેટાં પણ ખરીદી શકશે. તમને જણાવી દઈએ કે બેશક ભારત બ્રાન્ડના લોટ, દાળ અને ચોખાના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે, પરંતુ નવા દરો પણ બજારના દરો કરતા ઓછા હશે. રિપોર્ટ્સ અનુસાર, નવા ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે 'ભારત આટા'નો દર હવે ૨૭.૫૦ રૂપિયા નહીં પરંતુ ૩૦ રૂપિયા પ્રતિ કિલો હશે. 'ભારત ચોખા'નો દર ૩૪ રૂપિયા પ્રતિ કિલો અને 'ભારત ચણાની દાળ' હવે ૭૦ રૂપિયા પ્રતિ કિલો નહીં પરંતુ ૬૫ રૂપિયામાં મળશે. આવી સ્થિતિમાં હવે ૧૦ કિલો ભરત આટાની કિંમત ૨૭૫ રૂપિયા નહીં પરંતુ ૩૦૦ રૂપિયા થશે.

## પુષ્પા ૨નું ટ્રેલર નવેમ્બરના બીજા સપ્તાહમાં રિલીઝ થાય તેવી શક્યતા

। મુંબઇ, તા.૨૨ ।

જ્યારથી પુષ્પા ૨ ના ટ્રેલરના સમાચાર આવ્યા છે ત્યારથી ચાહકો ઉત્સાહિત છે. ફિલ્મનું ટ્રેલર નવેમ્બરના બીજા સપ્તાહમાં રિલીઝ થાય તેવી શક્યતા છે. પરંતુ હજુ સુધી કંઈપણ પુષ્ટિ નથી. કોઈ અંતિમ તારીખ લૉક કરવામાં આવી નથી. પરંતુ એક વાત ચોક્કસપણે લોક થઈ ગઈ છે અને તે છે ફિલ્મનો ફર્સ્ટ હાફ. આ અમે નથી કહી રહ્યા, મેકર્સે પોતે સોશિયલ મીડિયા પર આ વાત કહી છે. તેણે માહિતી આપી છે કે ફિલ્મનો ફર્સ્ટ હાફ સંપૂર્ણ રીતે તૈયાર છે. આ પછી, ફેન્સ કોમેન્ટ બોક્સમાં દેખાવા લાગ્યા. કેટલાક લોકોએ ફિલ્મની કમાણીની આગાહી કરી હતી. કેટલાકે વધુ વિચિત્ર ટિપ્પણીઓ કરી.

## રેડિયો ટાવર સાથે અથડાયા બાદ હેલિકોપ્ટર ક્રેશ

। હ્યુસ્ટન, તા.૨૨ ।

અમેરિકાના હ્યુસ્ટનમાં રવિવારે રાત્રે એક હેલિકોપ્ટર રેડિયો ટાવર સાથે અથડાયા બાદ ક્રેશ થયું હતું. આ દુર્ઘટનામાં હેલિકોપ્ટરમાં સવાર એક બાળક સહિત ચાર લોકોના મોત થયા હતા. અધિકારીઓએ જણાવ્યું કે ઈ૪૪ હેલિકોપ્ટર લગભગ ૧૫ માઈલ દૂર સેકન્ડ વોર્ડમાં હ્યુસ્ટનના એલિંગ્ટન એરસ્ટ્રીપથી ઉડાન ભર્યા બાદ ક્રેશ થયું હતું. અકસ્માત કયા કારણોસર થયો તે અંગે હજુ સુધી કોઈ માહિતી પ્રાપ્ત થઈ નથી.અકસ્માતમાં માર્યા ગયેલા લોકોની ઓળખ અને ઉંમર હજુ જાહેર કરવામાં આવી નથી. "અધિકારીઓ અકસ્માત સ્થળ પર દોડી ગયા છે," ફાયર વિભાગે સોશિયલ સાઈટ ઠ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. હ્યુસ્ટન સિટી કાઉન્સિલમેન મારિયો કાસ્ટિલોએ જણાવ્યું હતું કે, "સેકન્ડ વોર્ડમાં જે હેલિકોપ્ટર ક્રેશ થયું હતું તે સરકારી માલિકીનું ન હતું, પરંતુ તે ખાનગી પ્રવાસન કંપની દ્વારા સંચાલિત હતું." જો કે, કાસ્ટિલોના દાવાની હજુ સત્તાવાર પુષ્ટિ થઈ નથી.સ્થાનિક મીડિયામાં પ્રકાશિત અહેવાલોમાં કહેવામાં આવ્યું છે.

કેનેડા સાથેના તણાવ વચ્ચે મોદીનું માર્મિક નિવેદન

ચંદ્રયાન મિશનની સફળતામાં ભારતને મળેલી સફળતાની વિશ્વના દેશોએ તહેવારની જેમ ઉજવણી કરી હતી

# ભારત કોઈપણ સંબંધોને હળવાશથી નથી લેતું : વડાપ્રધાન નરેન્દ્ર મોદી

। નવી દિલ્હી, તા.૨૨ ।



કેનડા સાથેના રાજદ્વારી સંબંધોમાં સતત વધી રહેલા તણાવ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક માર્મિક નિવેદન કરતાં જણાવ્યું હતું કે, ભારત કોઈ પણ સંબંધોને હળવાશથી નથી લેતું. દેશના સંબંધોનો પાયો વિશ્વાસ અને વિશ્વસનીયતા પર રચાયેલો હોય છે અને વિશ્વને પણ આ બાબત સમજાઈ રહી છે. બીજી બાજુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે બ્રિક્સ દેશોની બેઠકમાં ભાગ લેવા રશિયા જવા ઉપડશે. એક કાર્યક્રમમાં કેનેડાનો ઉલ્લેખ કર્યા વગર વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, ભારત એ એક એવો દેશ છે જેની પ્રગતિથી વિશ્વમાં ખુશહાલી પ્રસરે છે.ચંદ્રયાન મિશનની સફળતામાં ભારતને મળેલી સફળતાની વિશ્વના દેશોએ તહેવારની જેમ ઉજવણી કરી હતી. ભારતના વિકાસથી કોઈને ઈર્ષા નથી થતી કારણકે તેના વિકાસથી સમગ્ર વિશ્વને લાભ થાય છે. ભારતની ચઢતીથી સમગ્ર વિશ્વ ખુશ થાય છે. વિવિધ ક્ષેત્રોમાં દેશના વિકાસની ઝલક આપતાં પીએમ મોદીએ જણાવ્યું હતું કે, ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી લઈને ડિજિટલ સાક્ષરતા સહિતના ક્ષેત્રે ભારતે અભૂતપૂર્વ કામગીરી દાખવી છે. દેશ હાલ થઈ રહેલી સર્વાંગી વૃદ્ધિ ભારત પર દુનિયાના દેશોના વિશ્વાસનું મહત્વનું કારણ બની છે. કોરોના કાળ દરમિયાન વિશ્વના દેશોને વેક્સિન અને અન્ય માનવીય સહાય પહોંચાડવાનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાન મોદીએ જણાવ્યું હતું કે, જગતના દેશોને એ બાબતનો ભરોસો છે કે, ભારત કટોકટી વખતે તેમની મદદમાં આવે તેવું મિત્ર રાષ્ટ્ર છે. કોરોનાનો સમય એવો હતો કે જ્યારે ભારત કરોડો ડોલરની કમાણી કરી શક્યું હોત, પરંતુ ભારત માનવતાના ભોગે આર્થિક લાભ મેળવવામાં નથી માનતું.

૭ જિલ્લામાં દરોડા | સીઆઈકેની ટીમે શ્રીનગર, ગાંદરબલ, બાંદીપોરા, કુલગામ, બડગામ, અનંતનાગ અને પુલવામા સહિત અનેક જિલ્લાઓમાં દરોડા પાડ્યા

# જમ્મુ અને કાશ્મીર ટીએલએમ આતંકવાદી ભરતી મોડ્યુલનો પર્દાફાશ

। શ્રીનગર, તા.૨૨ ।




જમ્મુ-કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં રવિવારે મોટો આતંકી હુમલો થયો હતો. આ આતંકી હુમલામાં ૭ લોકોએ જીવ ગુમાવ્યા હતા. આ હુમલાના તાર દુશ્મન દેશ પાકિસ્તાન સાથે જોડાયેલા છે. કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીરે નવા રચાયેલા આતંકવાદી જૂથ તારિક લબાય અથવા મુસ્લિમના આતંકવાદી ભરતી મોડ્યુલનો પર્દાફાશ કર્યો છે. કાઉન્ટર ઈન્ટેલિજન્સ કાશ્મીરે મંગળવારે સવારે એક મોટું ઓપરેશન શરૂ કર્યું. સીઆઈકેની ટીમે શ્રીનગર, ગાંદરબલ, બાંદીપોરા, કુલગામ, બડગામ, અનંતનાગ અને પુલવામા સહિત અનેક જિલ્લાઓમાં દરોડા પાડ્યા હતા.આ ઓપરેશન દરમિયાન, નવા રચાયેલા આતંકવાદી સંગઠન 'તેહરીક લબક યા મુસ્લિમ'ના આતંકવાદી ભરતી મોડ્યુલનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. કાઉન્ટર-ઈન્ટેલીજન્સ કાશ્મીરએ જણાવ્યું હતું કે જૂથ લશ્કર-એ-તૈયબાનો એક ભાગ હોવાનું માનવામાં આવે છે.કાઉન્ટર-ઈન્ટેલિજન્સ કાશ્મીર અધિકારીએ જણાવ્યું હતું કે 'તહેરીક લબ્બીક યા મુસ્લિમ'ની આતંકવાદી ભરતી કથિત રીતે 'બાબા હમાસ' નામના પાકિસ્તાની આતંકવાદી હેન્ડલર દ્વારા ચલાવવામાં આવી રહી છે. આ સાથે તેમણે કહ્યું કે આ સમગ્ર મામલે વધુ માહિતી પછીથી શેર કરવામાં આવશે.તમને જણાવી દઈએ કે જમ્મુ-કાશ્મીરના ગાંદરબલ જિલ્લામાં રવિવારે રાત્રે થયેલા આતંકવાદી હુમલામાં છ મજૂરો અને એક ડૉક્ટરના મોત થયા હતા. આતંકવાદીઓએ એક ખાનગી કન્સ્ટ્રક્શન કંપનીના કેમ્પ પર ગોળીબાર કર્યો હતો. જ્યાં ટનલ બનાવતા કામદારો રહેતા હતા. સેના અને પોલીસે વિસ્તારને ઘેરી લીધો અને એક આતંકીને ઠાર કર્યો. આ આતંકી પાસેથી હથિયારોનો જથ્થો મળી આવ્યો છે. આ આતંકી હુમલાની તપાસ માટે દિલ્હીથી ટીમ કાશ્મીર ગઈ છે.

## પાટણમાં હાજીપુરમાં સગીરા સાથે દુષ્કર્મ

। પાટણ, તા.૨૨ ।

પાટણમાં હાજીપુરમાં સગીરા સાથે દુષ્કર્મ કરવામાં આવ્યું છે. ૧૫ વર્ષીય સગીરા પર દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. લગ્નની લાલચ આપીને ભગાડી લઈ જઈને દુષ્કર્મ આચરવામાં આવ્યું છે. આ અંગે બાલીસણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.પાટણના હાજીપુર ગામની સીમમાં રહેતા ઠાકોર શક્તિજી શિવાજી સામે આ કેસમાં ફરિયાદ નોંધઆઈ છે. પોલીસે સગીરાને શોધી કાઢી છે અને તેના નિવેદનના આધારે આગળની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે ગુનામાં સંડોવાયેલા આરોપીની શોધખોળ આદરી છે. પાટણમાં તાજેતરમાં સગીરા પર બળાત્કારના ગુનામાં વધારો થયો છે.આ પહેલા એક અન્ય ઘટનામાં સાવકી માતાના પ્રેમીએ સગીરા પર દુષ્કર્મ આચર્યુ છે. ૧૬ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું.

### નકલી કોર્ટ અને નકલી જજ પકડાવાનો કેસ સામે આવતા હડકંપ મચી ગયો

# અમદાવાદથી ગાંધીનગર સુધી પહોંચ્યો નકલી જજ અને નકલી કોર્ટના કારનામાનો રેલો!!

### અમદાવાદમાં સિટી સિવિલ કોર્ટની સામે જ નકલી કોર્ટનો ભાંડો ફૂટ્યો

। માહિતી બ્યુરો, અમદાવાદ,તા.૨૨ ।

અમદાવાદમાં નકલી કોર્ટ અને નકલી જજ પકડાવાનો કેસ સામે આવતા હડકંપ મચી ગયો છે. આ કેસની હાલ તપાસ ચાલુ છે. પોલીસ તપાસ દરમિયાન નકલી જજ અને નકલી કોર્ટ પકડાવાના કેસમાં મોટો ખુલાસો થયો છે. નકલી જજ મોરિસ સામે અગાઉ પણ નોંધાયા છે ઠગાઈના કેસ.. ચાંદખેડામાં એક બંગલાને નકલી દસ્તાવેજ બનાવીને વેચ્યો હતો.. ગુજરાતમાં અત્યાર સુધી નકલી કચેરીથી લઈને નકલી પોલીસ, નકલી અધિકારી, નકલી ટોલનાકા, આખે આખી મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ, ક્લિનિક ચલાવતા બોગસ તબીબ ઝડપાયા હતા. પરંતુ હવે આજ બાકી હતું. સાઉથના



એક ફિલ્મની જેમ અમદાવાદમાં આખે આખી નકલી કોર્ટ ઝડપાઈ છે. જી હા...અમદાવાદમાં સિટી સિવિલ કોર્ટની સામે જ નકલી કોર્ટનો ભાંડો ફૂટ્યો છે.મહત્ત્વનું છેકે, નકલી જજ અને નકલી કોર્ટના કારમાનાનો રેલો હવે છેક ગાંધીનગર સુધી પહોંચ્યો છે. ગાંધીનગરના સેક્ટર ૨૪ માં ૨૩૭ નંબરના પ્લોટ ઉપર ઉભા થયેલા બિલ્ડિંગમાં ૨૦૧૫માં હોવાની જાણકારી મળે છે. ૨૦૧૫ના સમયગાળા દરમિયાન અન્ય કેવો ઓફિસ તરીકે અને ટ્યુબ્યુલન તરીકે ઉપયોગ કરતા હોવાની જાણકારી પણ સામે આવી છે. સેમ્યુઅલ ક્રિશ્ચન સામે અનેક પ્રકારના કેસો નોંધાયા હોવાની વાત પણ જાણવા મળી છે. હવે, આજ બાકી હતું! અમદાવાદમાં નકલી કોર્ટ પકડાઈ, વાંધા વાળી જમીનોના અનેક ઓર્ડર થતા હડકંપ મચી ગયો છે. નકલી પોલીસ અને અધિકારીઓ બાદ નકલી કોર્ટ પકડાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. અમદાવાદમાં હવે નકલી કોર્ટ પકડાઈ છે. જેમાં આર્બિટ્રેટર બની અનેક નકલી ઓર્ડર અપાયા હોવાનો ખુલાસો થયો છે. રાજ્યમાં નકલીનો રાફડો ફાટ્યો છે, ત્યારે નકલી પોલીસ અને અધિકારીઓ બાદ નકલી કોર્ટ પકડાતા ખળભળાટ મચી જવા પામ્યો છે.

### બહારથી દૂધ મગાવી તેમાં મિલ્ક પાઉડર ભેળવી ભેળસેળ કરાતી

### એસઓજી અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગએ બંને વિભાગની ટીમે શંકાસ્પદ દૂધ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી

# અમરેલી શહેરમાંથી ઝડપાઇ શંકાસ્પદ દૂધ બનાવતી ફેક્ટરી । ૨૨૧૦૦૦નો મુદ્દામાલ જપ્ત

। પ્રતિનિધિ, અમરેલી,તા.૨૨ ।

અમરેલીમાંથી શંકાસ્પદ દૂધ બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી. જેમાં મીતીયાળાના રહેણાંક વિસ્તારમાં શંકાસ્પદ દૂધની ફેક્ટરીમાં નકલી દૂધ બનાવવામાં આવી રહ્યું હતું. ત્યારે આ ઘટનાની જાણ એસઓજી અને ફુડ એન્ડ્ર ડ્રગ્સ વિભાગને થતા બંને વિભાગની ટીમે શંકાસ્પદ દૂધ બનાવતી ફેક્ટરી ઝડપી પાડી હતી. મળતી માહિતી અનુસાર યુવક બહારથી દૂધ મગાવી તેમાં મિલ્ક પાઉડર ભેળવી ભેળસેળ કરતો હતો. જેમાં કેમિકલ પાવડરનો ઉપયોગ કરી નકલી દૂધ બનાવવામાં આવતુ હતું. ત્યારે એસઓજી અને ફુડ એન્ડ્ર ડ્રગ્સ વિભાગે બનાવટી દૂધને પલાસ્ટિક થેલીમાં પેક કરતા યુવકને પણ ઝડપી પાડ્યો હતો. જેમાં ૨.૨૧ લાખના મુદ્દામાલ સાથે ગુણવંત કળસરિયા નામના શખ્સની ધરપકડ કવરામાં આવી છે.સૂત્રોના જણાવ્યા મુજબ હાલ દૂધના સેમ્પલને ગાંધીનગરમાં ટેસ્ટિંગ માટે લેબમાં મોકલવામાં આવ્યા છે. ત્યારે અમરેલી એસઓજી અને ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગની સંયુકત કામગીરીના કારણે વધુ એક નકલી ફેક્ટરીનો પર્દાફાશ થયો છે. અમરેલીમાંથી શંકાસ્પદ દૂધ બનાવતી ફેક્ટરી ઝડપાઈ હતી. જેમાં મીતીયાળાના રહેણાંક વિસ્તારમાં શંકાસ્પદ દૂધની ફેક્ટરીમાં નકલી દૂધ બનાવવામાં આવી રહ્યું હતું.






















Printer, Publisher & Owner : Avesh K. Malaviya, Printed at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and Published From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. Mob.98252 52125 Email : lokpatrikadaily@gmail.com website : www.lokpatrika.in Editor : Avesh K. Malaviya